


રબ્બે ઝિદ્‌ની ઈલ્મા વર્ઝુકની ફહ્‌મા. رَبِّ زِدْنِیْ عِلْمًا وَارْزُقْنِیْ فَهْمًا

અર્થ : અય મારા રબ ! મારું ઈલ્મ વધાર અને મને સમજદારીની રોઝી અતા કર.


સરપરસ્ત



પીર સૈયદ મોહંમદ મુશાહિદહુસૈન બાવા સાહેબ(મદ્દે.) અને હાજરપીર સૈયદ મોહંમદ મુજાહિદહુસૈન બાવા સાહેબ(મદ્દે.)



અખિલ ગુજરાત શીઆ જાફરી મશાયખી મોમિન સમાજનું ગૌરવવંતુ સામયિક

શીઆ જાફરી મશાયખી વિકાસ મંડળનું મુખપત્ર

# જાફરી આવાઝ

Vol.-1, Isuue-5, March-2014

Website : www.jafariaawaz.com ❄ email : jafariaawaz@gmail.com

સંપાદક મંડળ

તંત્રી : કાસમભાઈ વિજાપુરા - ૯૪૨૬૫ ૪૧૪૭૨
સહતંત્રી : 'માસૂમ' મહેરપુરી - ૯૬૮૭૬૭૯૫૧૩
સલાહ–માર્ગદર્શન : મોલ્વી હાસમભાઈ વલીભાઈ ગાંધી (સિધ્ધપુર)
સહયોગી : મોલ્વી ખાદિમહુસૈન પટેલ (મોલીપુર)
મોલ્વી કમ્બરઅલી દાવડા (કાટવાડ)
મોલ્વી અબ્બાસઅલી સલેમા (હરિપુરા)
લેસર&ગ્રાફિક વર્ક : શબ્બીરઅલી રેવાસીયા-૯૯૨૫૭૩૦૧૦૭

વ્યવસ્થાપક મંડળ

વ્યવસ્થાપક : ઈબ્રાહીમભાઈ વાઘ - ૯૪૨૮૬૪૬૪૭૬
સહવ્યવસ્થાપક : અકબરઅલી મસી - ૯૮૨૫૪૯૭૧૭૮
અનવરઅલી મતિયા

કાર્યાલયનું સરનામું

'જાફરી આવાઝ' (માસિક)
મુ.પો. ઈલોલ તલાવ, તા. હિંમતનગર, જિ. સાબરકાંઠા
પીન – ૩૮૩૨૨૦. ફોન : ૦૨૭૭૨–૨૨૭૨૯૬


## લેખાનુક્રમ


| | |
|---|---|
| ઊઘડતે પાને | 3 |
| કુરઆન શિક્ષણ | 7 |
| અહાદીસ | 9 |
| સુપરમેન ઈન ઈસ્લામ : હઝરત ઈમામ જાફર સાદિક (અ.) | 11 |
| રસ્તા મુશ્કિલ સે ભરા પલ ભર હી મેં કટતા ગયા | 15 |
| ગડમથલ | 16 |
| ઝિયારતે વારેસાની તફસીર | 17 |
| મશાયખવાણી | 21 |
| કુરઆને મજીદના સૂરાઓનો પરિચય | 23 |
| સર્વશ્રેષ્ઠ સ્મરણ | 25 |
| અલ ઈર્શાદ | 29 |
| નહજુલ અસરાર | 32 |
| મીર અનીસના મરસિયા | 35 |
| ખુત્બો : ગીબત વિષે | 43 |
| બ્લોગ | 47 |
| જ્ઞાનગોષ્ઠિ | 49 |
| શેખ સાઅદીની શાયરીનો રસાસ્વાદ | 53 |
| આપણા ઘરની વાતો | 55 |
| 'જાફરી આવાઝ'ને મળેલ ડોનેશન | 59 |
| જાફરી પંચાંગ | 65 |


# ઊઘડતે પાને...

અલ્લાહના મહાન પયગમ્બર.

હઝરત ઈસા રૂહુલ્લાહ (અ.).

હઝરત ઈસા (અ.)ના મદદગાર સાથીદારોને 'હવારીન' કહેવામાં આવે છે. એક વાર હઝરત ઈસા (અ.)એ પોતાના હવારીનમાંથી બે જણને પોતાના પ્રતિનિધિ તરીકે અંતાકિયા તરફ મોકલ્યા.

અંતાકિયા શામના ઈલાકામાં આવેલું એક જૂનું શહેર છે. આ શહેર જૂના જમાનામાં દોલત

અને સમૃધ્ધિ, ઈલ્મ અને વેપારની દ્રષ્ટિએ રોમન સામ્રાજ્યના ત્રણ મોટા શહેરોમાંથી એક શહેર ગણાતું હતું. આ શહેર હલબથી એકસો કિલોમીટરથી થોડુંક ઓછું અને ઈસ્કંદરિયાથી આશરે સાઠ કિલોમીટરના અંતરે આવેલું છે. અંતાકિયા શહેર ઈસાઈઓની દ્રષ્ટિએ એવી જ રીતે પવિત્ર ગણાય છે જેવી રીતે મુસલમાનોની નજરમાં મદીના શહેર પવિત્ર ગણાય છે.

મહાન મુફસ્સિર તબરસીએ 'મજ્મઉલ બયાન'માં આ કિસ્સાનું આ રીતે વર્ણન કર્યું છે :

હઝરત ઈસા (અ.)એ પોતાના હવારીનમાંથી બે જણને અંતાકિયા તરફ મોકલ્યા. જ્યારે તેઓ શહેરની પાસે પહોંચ્યા તો તેમણે એક ઘરડા માણસને જોયો કે જે કેટલાંક ઘેટાં ચરાવતો હતો. તેમણે તેને સલામ કરી. ઘરડા માણસે જવાબ આપ્યો અને પૂછ્યું કે તમે કોણ છો ? તેમણે જવાબ આપ્યો કે અમે ઈસા (અ.)ના પ્રતિનિધિ છીએ. અમે અહીં એટલા માટે આવ્યા છીએ કે તમને બુતોની ઈબાદતને બદલે રહેમાન અલ્લાહની તરફ દા'વત આપીએ.

ઘરડા માણસે પૂછ્યું,

"શું તમારી પાસે કોઈ મોઅજિઝો અથવા કોઈ નિશાની છે ખરી ?"

તેમણે કહ્યું,

"હા, અમે બીમારોને શિફા આપીએ છીએ અને જન્મજાત આંધળાઓને અને સફેદ કોઢની બીમારીવાળાઓને અલ્લાહના હુકમથી શિફા અને તંદુરસ્તી આપીએ છીએ."

ઘરડા માણસે કહ્યું,

"મારો એક બીમાર બેટો છે કે જે ઘણાં વર્ષોથી પથારીવશ છે."

તેમણે કહ્યું,

"અમારી સાથે ચાલો જેથી અમે તમારા ઘેર જઈએ અને તેની હાલત જોઈએ."

ઘરડો માણસ તેમની સાથે નીકળી પડ્યો. તેમણે તેના દીકરાના માથા ઉપર હાથ ફેરવ્યો તો તે સહીસલામત પોતાની જગ્યા ઉપર ઊભો થઈ ગયો. આ સમાચાર આખા શહેરમાં ફેલાઈ ગયા અને અલ્લાહે ત્યાર પછી તો બીમારોમાંથી એક મોટા સમૂહને તેમના હાથે શિફા આપી.

તેમનો બાદશાહ બુતપરસ્ત હતો. જ્યારે તેના સુધી ખબર પહોંચી તો તેણે તેમને પોતાની પાસે બોલાવ્યા અને તેમને પૂછ્યું કે તમે કોણ છો ? તેમણે કહ્યું કે અમે ઈસા (અ.)ના મોકલેલા છીએ. અમે એટલા માટે આવ્યા છીએ કે એ અસ્તિત્વ ધરાવતી વસ્તુઓ કે જે કંઈ સાંભળતી નથી અને કંઈ જોઈ શકતી નથી તેમની ઈબાદતના બદલે અમે તમને એની ઈબાદત કરવા તરફ દા'વત આપીએ કે જે સાંભળે પણ છે અને જુએ પણ છે.

બાદશાહે કહ્યું,

"શું અમારા ખુદાઓ સિવાય બીજો કોઈ માઅબૂદ પણ મોજૂદ છે ?"

તેમણે કહ્યું,

"હા, એ જ કે જેણે તમને અને તમારા માઅબૂદોને પેદા કર્યા છે."

બાદશાહે કહ્યું,

"અહીંથી ઊઠી જાઓ કે જેથી હું તમારી બાબતમાં કંઈક વિચાર કરું."

આ બાબત તેમના માટે એક ધમકી હતી. ત્યાર પછી લોકોએ તે બન્ને પ્રતિનિધિઓને પકડીને બજારમાં લઈ જઈ મારપીટ કરી.

પરંતુ એક બીજી રિવાયતમાં છે કે ઈસા (અ.)ના આ બન્ને પ્રતિનિધિઓને બાદશાહ સુધી પહોંચવાનું મળ્યું ન હતું. અને એક મુદત સુધી તેઓ તે શહેરમાં રહ્યા. એક દિવસ બાદશાહ પોતાના મહેલમાંથી બહાર આવ્યો તો તેમણે તકબીરનો અવાજ બુલંદ કર્યો અને અઝમતની સાથે 'અલ્લાહ'નું નામ લીધું. બાદશાહ કોપાયમાન થયો અને તેમને કેદ કરવાનો હુકમ આપી દીધો અને બન્નેને એકસો કોરડા ફટકાર્યા.

જે વખતે ઈસા (અ.)ના આ બન્ને પ્રતિનિધિઓની વાતનું ખંડન થઈ ગયું અને તેમના ઉપર બળપ્રયોગ કરવામાં આવ્યો તો હઝરત ઈસા (અ.)એ શમૂનસ્સફાને તેમની પાછળ રવાના કર્યા કે જે હવારીનમાં બુઝુર્ગ હતા.

શમૂન એક અજનબીની સૂરતમાં શહેરમાં પહોંચ્યા અને બાદશાહની ફરતાં રહેવાવાળાઓ સાથે દોસ્તી પેદા કરી દીધી. તેમને તેમની દોસ્તી ખૂબ પસંદ પડી અને તેમના વિષે બાદશાહને પણ બતાવ્યું. બાદશાહે પણ તેમને દા'વત આપી અને તેમને પોતાના મિત્રોમાં શામેલ કરી દીધા. બાદશાહ તેમનું સન્માન કરવા લાગ્યો.

શમૂને એક દિવસ બાદશાહને કહ્યું,

"મેં સાંભળ્યું છે કે બે માણસો તમારી કેદમાં છે અને જે વખતે તેમણે તમને તમારા દીનને બદલે કોઈ બીજા દીનની દા'વત આપી તો શું આપે તેમની મારપીટ કરી હતી ? શું કદી તમે તેમની વાતો સાંભળી છે ખરી ?"

બાદશાહે કહ્યું,

"મને તેમના ઉપર એટલો બધો ગુસ્સો આવ્યો કે મેં તેમની કોઈ વાત સાંભળી જ નથી."

શમૂને કહ્યું,

"અગર બાદશાહ પોતે મસ્લેહત સમજી લે તો તેમને બોલાવી લે જેથી આપણે જોઈએ તો ખરા કે તેમનું શું કહેવું છે."

બાદશાહે તેમને બોલાવ્યા. શમૂને એવો દેખાવ કર્યો કે જાણે તેમને ઓળખતા જ ન હોય અને તેમને કહ્યું,

"અહીં તમને કોણે મોકલ્યા છે ?"

તેમણે કહ્યું,

"એ અલ્લાહે કે જેણે બધાને પેદા કર્યા છે અને જેનો કોઈ શરીક નથી."

શમૂને કહ્યું,

"તમારો મોઅજિઝો અને નિશાની શું છે ?"

તેમણે કહ્યું,

"જે કંઈ તમે ઈચ્છતા હો તે."

બાદશાહે હુકમ કર્યો તો એક આંધળા ગુલામને લાવવામાં આવ્યો કે જેને તેમણે અલ્લાહના હુકમથી શિફા આપી. બાદશાહને ખૂબ જ નવાઈ લાગી. એ વખતે શમૂન બોલી ઉઠ્યા અને બાદશાહને કહ્યું,

"અગર તમે આ પ્રકારની દરખાસ્ત તમારા ખુદાઓથી કરો તો શું તેઓ પણ આ પ્રકારનું કાર્ય કરવાની કુદરત ધરાવે છે ?"

બાદશાહે કહ્યું,

"તમારામાંથી છૂપું શું છે ? અમારા આ ખુદાઓ કે જેમની અમે પરસ્તિશ કરીએ છીએ તેઓ ન તો કોઈ નુકસાન પહોંચાડી શકે છે કે ન કોઈ નફો પહોંચાડી શકે છે, અને ન તો કોઈ બીજી ખાસિયત ધરાવે છે."

ત્યાર પછી બાદશાહે તે બન્નેને કહ્યું,

"અગર તમારો ખુદા મડદાને જીવતું કરી શકતો

હોય તો અમે તેના ઉપર અને તમારા ઉપર ઈમાન લઈ આવીશું.”

તેમણે કહ્યું,

“અમારો ખુદા દરેક વસ્તુ ઉપર કુદરત ધરાવે છે.”

બાદશાહે કહ્યું,

“અહીં એક મડદું છે કે જેને મર્યે સાત દિવસ પસાર થઈ ગયા છે. હજુ સુધી અમે તેને દફન નથી કર્યું. અમે એ વાટ જોઈ રહ્યા છીએ કે તેનો બાપ સફરમાંથી પાછો આવી જાય. તમે તેને જીવતો કરી દેખાડો.”

પછી તો મડદાને લાવવામાં આવ્યું તો તે બન્નેએ પ્રગટ રીતે દુઆ કરી અને શમૂન દિલથી મનમાં દુઆ કરી રહ્યા હતા. અચાનક મડદામાં હલનચલન પેદા થયું અને તે પોતાની જગ્યાએથી ઊભો થઈ ગયો. અને કહેવા લાગ્યો કે હું સાત દિવસથી મરી ચૂકેલો છું. મેં મારી આંખોથી જહન્નમની આગ જોઈ છે અને હું તમને ખબરદાર કરું છું કે તમે બધા એક અલ્લાહ ઉપર ઈમાન લાવો.

બાદશાહે આશ્ચર્ય વ્યક્ત કર્યું. જે વખતે શમૂનને યકીન થઈ ગયું કે તેની વાતો તેના ઉપર અસર કરી ગઈ છે તો તેણે એક અલ્લાહની તરફ બાદશાહને દા'વત આપી. અને તે ઈમાન લઈ આવ્યો અને તેના મુલ્કના રહેવાસીઓ પણ તેની સાથે ઈમાન લઈ આવ્યા જો કે કેટલાક એવા હતા કે જે પોતાના કુફ્ર પર કાયમ રહ્યા.

આ રિવાયતની નઝીર તફસીરે ઐયાશીમાં ઈમામ મોહંમદ બાકિર (અ.) અને ઈમામ જાફર સાદિક (અ.)થી પણ નકલ થઈ છે જો કે તે બન્ને વચ્ચે થોડોક તફાવત છે.

(સંદર્ભ : કસસુલ કુરઆન – પેજ. ૬૩૫ થી ૬૩૮)


ખુશખબર ખુશખબર ખુશખબર

ખાદિમભાઈ થરાદરા (વાધણાવાળા) ૯૪૨૯૪૨૪૬૭૦, ૭૩૮૩૦૭૬૯૭૬

મુસ્તાકઅલી ઢુક્કા (કાકોશીવાળા) ૯૯૭૮૨૫૫૪૨૧

**ફેમસ ફુટવેર** (હોલસેલ વહેપારી)

તમામ હોટલ અને પાનગલ્લાવાળા ભાઈઓને જણાવતાં આનંદ અનુભવીએ છીએ કે અમારું નવીન સાહસ ફેમસ ફુટવેરના નામે ચાલુ કરેલ છે. તો સાથ સહકાર આપવા વિનંતી છે.

અમારે ત્યાં પાનગલ્લા પર વેચાતી ચંપલ એટલે કે યુરોસોફ્ટ જેન્ટ્સ ચપ્પલ, યુરોસોફ્ટ લેડીઝ ચપ્પલ, કાનપુર લેડીઝ ચપ્પલ, સેન્ડલ, પ્લાસ્ટીક ચપ્પલ, વગેરે આઈટમ હોલસેલ ભાવે મળશે. ભાવ બાબતે અમારા નંબર પર સંપર્ક કરી શકો છો.

૬, લાખાની એસ્ટેટ, ઓવરબ્રીજ કોર્નર, અંબિકા પેટ્રોલ પંપની સામે, ઉજાલા ચોકડી, સરખેજ અમદાવાદ - ૩૮૩૨૧૦



# કુરઆન શિક્ષણ

અઝ : આકાએ નામદાર પીર સૈયદ મોહંમદ મુશાહિદહુસૈન જાફરી(મદ્દે.)

**નબીઓ અને ઇમામો વિષેની આયતો**

بِسۡمِ اللّٰهِ الرَّحۡمٰنِ الرَّحِيۡمِ

يٰۤاَيُّهَا الَّذِيۡنَ اٰمَنُوۡا لَا تُقَدِّمُوۡا بَيۡنَ يَدَىِ
اللّٰهِ وَ رَسُوۡلِهٖ وَ اتَّقُوا اللّٰهَ ؕ اِنَّ اللّٰهَ سَمِيۡعٌ
عَلِيۡمٌ ﴿۱﴾

❂ હે ઈમાન લાવનારાઓ ! અલ્લાહ અને તેના રસૂલ સામે કોઈ વાતમાં આગળ વધી ન જાઓ અને અલ્લાહથી ડરો; બેશક અલ્લાહ મોટો સાંભળનાર (અને) જાણનાર છે.

**(પારો-૨૬, સૂરા હોજોરાત, આયત-૧)**

---

اِنَّ الَّذِيۡنَ يُنَادُوۡنَكَ مِنۡ وَّرَآءِ الۡحُجُرٰتِ
اَكۡثَرُهُمۡ لَا يَعۡقِلُوۡنَ ﴿۴﴾

❂ (હે રસૂલ !) બેશક જે લોકો તને તારા ખાનગી ઓરડાઓની બહારથી પોકારે છે તેઓ માંહેના ઘણા ખરા બુદ્ધિહીન છે.

**(પારો-૨૬, સૂરા હોજોરાત, આયત-૪)**

---

وَ لَوۡ اَنَّهُمۡ صَبَرُوۡا حَتّٰى تَخۡرُجَ اِلَيۡهِمۡ لَكَانَ
خَيۡرًا لَّهُمۡ ؕ وَ اللّٰهُ غَفُوۡرٌ رَّحِيۡمٌ ﴿۵﴾

❂ અને તું તારા ઘરમાંથી બહાર નીકળી તેમની પાસે આવે તેટલો સમય જો તેઓ ધીરજ ધરે તો તેમના માટે બહેતર છે; અને અલ્લાહ મોટો માફ કરનાર (અને) દયા કરનારો છે.

**(પારો-૨૬, સૂરા હોજોરાત, આયત-૫)**

---

يَمُنُّوۡنَ عَلَيۡكَ اَنۡ اَسۡلَمُوۡا ؕ قُلۡ لَّا تَمُنُّوۡا
عَلَىَّ اِسۡلَامَكُمۡ ۚ بَلِ اللّٰهُ يَمُنُّ عَلَيۡكُمۡ اَنۡ
هَدٰٮكُمۡ لِلۡاِيۡمَانِ اِنۡ كُنۡتُمۡ صٰدِقِيۡنَ ﴿۱۷﴾

❂ તેઓ તારા ઉપર તેમના ઈસ્લામ સ્વીકાર કર્યાનો ઉપકાર રાખે છે; તું કહે કે તમે તમારા ઈસ્લામ (લાવવા)નો ઉપકાર મારા પર ન રાખો, તમે (તમારા ઈમાનના દાવામાં) સાચા હો તો (જાણી લો કે) અલ્લાહે જ તમને ઈમાન તરફ હિદાયત કરી તમારા પર ઉપકાર કર્યો છે.

**(પારો-૨૬, સૂરા હોજોરાત, આયત-૧૭)**

عَلَّمَهٗ شَدِيْدُ الْقُوٰى ﴿٥﴾

❂ તેને મોટી શકિતવાળા (ફરિશ્તા જિબ્રઈલ) એ કેળવ્યો છે. **(પારો-૨૭, સૂરા નજ્મ, આયત-૫)**

---

ذُوْ مِرَّةٍ ؕ فَاسْتَوٰى ﴿٦﴾

❂ કે જે ઘણી શકિત ધરાવનારો છે. પછી તે (તેના મૂળ સ્વરૂપમાં તેની સામે) આવી ઊભો થયો.

**(પારો-૨૭, સૂરા નજ્મ, આયત-૬)**

---

وَ هُوَ بِالْاُفُقِ الْاَعْلٰى ﴿٧﴾

❂ અને તે એ વખતે (આકાશના) એક અતિ ઊંચા ભાગમાં હતો.

**(પારો-૨૭, સૂરા નજ્મ, આયત-૭)**

---

ثُمَّ دَنَا فَتَدَلّٰى ﴿٨﴾

❂ પછી તે તેની પાસે આવ્યો, પછી (તેની તરફ) ઝૂકયો. **(પારો-૨૭, સૂરા નજ્મ, આયત-૮)**

---

فَكَانَ قَابَ قَوْسَيْنِ اَوْ اَدْنٰى ﴿٩﴾

❂ અહીં સુધી કે તે (જિબ્રઈલ અને મોહંમદ (સ.))ની વચ્ચે બે કમાન જેટલું છેટું રહી ગયું અથવા તે કરતાં ય ઓછું.

**(પારો-૨૭, સૂરા નજ્મ, આયત-૯)**

---

فَاَوْحٰۤى اِلٰى عَبْدِهٖ مَاۤ اَوْحٰى ﴿١٠﴾

❂ પછી તેણે પોતાના બંદા (મોહંમદ (સ.)) તરફ જે વહી કરવાની હતી તે (જિબ્રઈલ મારફત) કરી. **(પારો-૨૭, સૂરા નજ્મ, આયત-૧૦)**

---

لَقَدْ اَرْسَلْنَا رُسُلَنَا بِالْبَيِّنٰتِ وَ اَنْزَلْنَا مَعَهُمُ الْكِتٰبَ وَ الْمِيْزَانَ لِيَقُوْمَ النَّاسُ بِالْقِسْطِ ۚ وَ اَنْزَلْنَا الْحَدِيْدَ فِيْهِ بَاْسٌ شَدِيْدٌ وَّ مَنَافِعُ لِلنَّاسِ وَ لِيَعْلَمَ اللّٰهُ مَنْ يَّنْصُرُهٗ وَ رُسُلَهٗ بِالْغَيْبِ ؕ اِنَّ اللّٰهَ قَوِيٌّ عَزِيْزٌ ﴿٢٥﴾

❂ ખરે જ અમોએ પ્રત્યક્ષ દલીલો સાથે અમારા રસૂલો મોકલ્યા હતા અને તેમની સાથે સાથે અમોએ કિતાબ તથા મીઝાન (ત્રાજવું) ઉતાર્યાં કે જેથી લોકો ન્યાયસર ચાલવા લાગે અને અમોએ લોઢું ઉતાર્યું જેમાં (લડાઈનું) સખત બળ છે, અને લોકોના માટે લાભો પણ, અને આ હેતુથી પણ કે અલ્લાહ આ જાણી લે કે તેને જોયા વિના તેની તથા તેના રસૂલોની કોણ સહાય કરે છે; નિઃસંશય અલ્લાહ મહાન બળવાન અને સમર્થ છે.

**(પારો-૨૭, સૂરા હદીદ, આયત-૨૫)**



# અહાદીસ

અનુવાદક : જનાબ સૈયદ ઓવેસએહમદ ઝેડ. જાફરી

કિતાબ : ઈર્શાદાતે રસૂલ (સ.)

## ૩૨ ગરીબી અને અમીરી વિષે

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

يٰۤاَيُّهَا النَّاسُ اَنْتُمُ الْفُقَرَآءُ اِلَى اللّٰهِ ۚ وَ

اللّٰهُ هُوَ الْغَنِيُّ الْحَمِيْدُ ﴿۱۵﴾

*(હે લોકો ! તમે બધા અલ્લાહના (કાયમી) મોહતાજ છો અને (ફક્ત) અલ્લાહ જ બધાથી બેપરવા અને પ્રશંસાને પાત્ર છે.)*

(સૂરા ફાતિર, આયત-૧૫)

(૪૬૧) ગરીબી બે પ્રકારની છે : દુન્યવી ગરીબી અને આખેરતની ગરીબી. દુન્યવી ગરીબી આખેરત માટે તવંગરી છે અને દુન્યવી તવંગરી આખેરત માટે ગરીબી છે અને આજ વસ્તુ વિનાશનું કારણ છે.

(રૌઝતુલ વાએઝીન, સફા-૨૫૪)

(૪૬૨) જે બંદો દરરોજ સો વખત "લા ઈલાહા ઈલ્લલ્લાહુલ મલેકુલ હકકુલ મોબીન"નો ઝિક્ર કરશે તે તવંગરી હાંસિલ કરશે, મોહતાજી તેનાથી દૂર થશે, જહન્નમનો દરવાજો તેના માટે બંધ થશે અને જન્નતનો દરવાજો ખુલી જશે.

(તરાએફુલ હિકમ, જિલ્દ-૨, સફા-૮૦)

(૪૬૩) સર્વશ્રેષ્ઠ તવંગરી દિલની તવંગરી છે.

(બિહારુલ અન્વાર, જિલ્દ-૭૭, સફા-૧૪૮)

(૪૬૪) "ખબરદાર ! મરી ગયેલા લોકોની સોબત કરો નહીં." લોકોએ પૂછ્યું, "યા રસૂલલ્લાહ ! મરી ગયેલા લોકો કોણ છે ?" આપે ફરમાવ્યું, "એ તવંગરો કે જે પોતાની ધનદોલતને કારણે અલ્લાહના હુકમોનો અનાદર કરતા હોય."

(મજમુઆ વરામ, જિલ્દ-૨, સફા-૩૨)

(૪૬૫) જે કોઈ મોહતાજ મુસલમાનનું માન જાળવશે તો અલ્લાહ તેનાથી રાજી થશે.

(સફીનતુલ બિહાર, જિલ્દ-૨, સફા-૩૭૯)

(૪૬૬) જે પોતાને મોહતાજ જાહેર કરશે તે મોહતાજ જ રહેવાનો.

(સફીનતુલ બિહાર, જિલ્દ-૨, સફા-૩૮૦)

(૪૬૭) યા અલ્લાહ ! મને ગરીબીનું જીવન આપ, ગરીબીનું મોત આપ અને ગરીબોની સાથે જ આખેરતમાં રાખ.

(રૌઝતુલ વાએઝીન, સફા-૨૫૪)

(૪૬૮) ફકીરો અને ગરીબો માટે જન્નતના દરવાજા ખુલ્લા છે અને દયા કરનારાઓ ઉપર અલ્લાહની રહેમત થાય છે અને અલ્લાહ ખેરાત કરનારાઓથી રાજી થશે. (રૌઝતુલ વાએઝીન, સફા-૪૫૪)

(૪૬૯) બેશક, અલ્લાહે ગરીબીને પોતાની મખ્લૂકની પાસે અમાનત મૂકી છે તેથી જે પોતાની ગરીબીને જાહેર નહીં કરે તો અલ્લાહ એવા બંદાને દિવસે રોઝા રાખનાર અને રાત્રે જાગીને ઈબાદત કરનારના જેટલો સવાબ આપશે.

(ઉસૂલે કાફી, જિલ્દ-૩)

(૪૭૦) જે કોઈ ગરીબ મુસલમાનનું તેની ગરીબીને કારણે અપમાન કરે અને તેને તુચ્છ ગણે તો તેણે અલ્લાહને તુચ્છ ગણ્યો એમ ગણાશે અને એવું કરનાર વ્યક્તિથી અલ્લાહ ત્યાં સુધી નારાજ રહેશે કે જ્યાં સુધી તે ગરીબને પોતાનાથી રાજી નહીં કરી લે.

(તરાએફુલ હિકમ, જિલ્દ-૧, સફા-૨૪૬)

(૪૭૧) રસૂલ (સ.)ની મજલિસમાં સહાબીઓ બેઠા હતા. તેમાં એક અમીર માણસ સ્વચ્છ કપડાં પહેરીને બેઠો હતો. એટલામાં એક ગરીબ માણસ બહારથી આવીને તે અમીર માણસની નજીક બેસી ગયો. અમીર માણસ થોડો દૂર ખસી ગયો. આ જોઈને રસૂલલ્લાહ (સ.)એ પૂછ્યું, "શું તમને એવો ભય લાગ્યો કે તેની ગરીબી તમને લાગી જશે ?" તેણે કહ્યું, "ના." રસૂલ (સ.) એ ફરી પૂછ્યું, "શું તમને એવો ભય લાગ્યો કે તમારી તવંગરીનો થોડો ભાગ તેની પાસે જતો રહેશે ?" તેણે કહ્યું, "ના." આપ (સ.) ફરી પૂછ્યું, "શું તમને એવો ડર લાગ્યો કે તેના અડકી જવાથી તમારાં કપડાં મેલાં થઈ જશે?" તેણે કહ્યું, "ના." આપ (સ.) એ ફરીથી પૂછ્યું, "તો તમે આવું શા માટે કર્યું ?" તેણે કહ્યું, "મારી સાથે એક એવો સાથી શયતાન છે કે જે ખરાબ વસ્તુને સારી અને સારી વસ્તુને ખરાબ કરી બતાવે છે અને આ કારણે મેં આમ કર્યું. હું મારી આવી વર્તણૂકને કારણે મારી અડધી દોલત તેને આપું છું. રસૂલ (સ.)એ તે ગરીબથી પૂછ્યું, "શું તું તેની દોલત કબૂલ કરીશ ?" તેણે કહ્યું, "ના." તે વખતે તે અમીર વ્યક્તિએ પૂછ્યું, "કેમ ?" તેણે જવાબ આપ્યો, "જે દોલતે તમને અભિમાની બનાવી દીધા છે, મને ભય છે કે કયાંક તે મને પણ અભિમાની ન બનાવી દે."

(ઉસૂલે કાફી, જિલ્દ-૩)

(૪૭૨) કોઈ ગરીબ અથવા ધનવાન એવો નથી કે જે કયામતના દિવસે એવી ઈચ્છા ન રાખતો હોય કે, "મને દુનિયામાંથી એટલું આપવામાં આવ્યું હોત કે જેનાથી હું જીવન ગુજારી શકયો હોત."

(રૌઝતુલ વાએઝીન, સફા-૪૫૬)

(૪૭૩) જે ગરીબ દરેક કપરા સંજોગોમાં હરામથી બચશે, અલ્લાહ તેનાથી રાજી રહેશે.

(મજમુઆ વરામ, જિલ્દ-૧, સફા-૭)

Superman In Islam

સુપરમેન ઈન ઈસ્લામ

# હઝરત ઈમામ જાફર સાદિક (અ.)

:::: અનુવાદક ::::

હાજરપીર સૈયદ મોહંમદ મુજાહિદહુસૈન બાવા સાહેબ (મદ્દે.)

## વૃધ્ધાવસ્થાનો સવાલ

(ગતાંકનું ચાલુ)

જાબિરે પૂછ્યું કે સર્જન પાછળ નિશ્ચિત આશય શું છે ?

ઈમામ જાફર સાદિક (અ.)એ ફરમાવ્યું, સર્જનનું નિશ્ચિત કારણ અલ્લાહ તઆલા તરફથી સઘળી સજીવ સૃષ્ટિ એટલે સુધી કે ખનીજ પદાર્થ માટે પણ તેની મહેરબાનીની અભિવ્યક્તિ છે.

જાબિરે પૂછ્યું, અલ્લાહ તઆલાએ મહેરબાની શા માટે કરી ?

ઈમામ જાફર સાદિક (અ.)એ પૂછ્યું કે, શું તમે કરીમ (મહેરબાની કરનાર)ના આશયને નથી સમજી શકતા ?

જાબિરે કહ્યું કે માનવજાતમાં આવો સંજોગ ઘણો ઓછો થયો છે કે કોઈ કારણ વગર કરીમ બની જાય અને માણસોથી પોતે ફાયદો ન ઉપાડે. આવી જ રીતે આપણે પાણી પીતાં પીતાં આનંદ મેળવીએ છીએ કારણ કે આપણને પાણીની જરૂર છે અને જો શરીર ન હોય તો આપણને તરસ જ નહીં લાગે કે જેથી આપણે પાણી પી શકીએ.

આપણે બગીચો જોઈને ખુશ થઈએ છીએ. આ એક રૂહાની ખુશી હોવા છતાંય તે આપણા શરીર સાથે સંકળાયેલી છે કારણ કે જો આપણા શરીરમાં આંખો ન હોત તો બગીચાને જોઈ ન શકત કે તેનાથી ખુશી પ્રાપ્ત કરત. એક ખુશી એવી છે કે પહેલી દૃષ્ટિએ એવું લાગે છે કે આ કોઈ રૂહાની ખુશી છે અને તેની અંદર શરીરની કોઈ દખલ નથી અને તે છે ઈલ્મને સમજવાની ખુશી.

ઈમામ જાફર સાદિક (અ.)એ ફરમાવ્યું, ગમે તે હોય પણ આ ખુશી પણ શરીરના માધ્યમથી જ શક્ય છે કારણ કે જો આપણું શરીર ન હોત તો આપણે કિતાબ પઢી શકત નહીં અને પરિણામ સ્વરૂપ ઈલ્મ પ્રાપ્ત કરી શકત નહીં અને જો આપણા કાન ન હોત તો આલિમોની વાતો સાંભળી શકત નહીં અને તેમને યાદ કરી શકત નહીં. તો ઈલ્મની ખુશી પણ શરીરની સાથે જ સંકળાયેલી છે. જ્યારે કે અલ્લાહ તઆલાનું તો શરીર જ નથી કે તેને કોઈ ખુશી કે સ્વાદની જરૂર હોય.

જાબિરે પૂછ્યું, તો પછી શું અલ્લાહ તઆલા કોઈ પણ પ્રકારના સ્વાદને માણવાની કુદરત નથી ધરાવતો ?

ઈમામ જાફર સાદિક (અ.)એ ફરમાવ્યું, તમે તમારા સવાલને યોગ્ય રીતે રજૂ ના કરી શક્યા. તમે કહ્યું કે અલ્લાહ તઆલા કાદિર નથી જ્યારે કે અલ્લાહ તઆલા તો દરેક કાર્ય કરવા પર કાદિર છે અને કોઈ એવું કામ નથી કે જેને અલ્લાહ કરી શકતો ન હોય. આ ખુશી કે જે આપણને ભૂખના સમયે ખાવાથી અને તરસના સમયે પીવાથી થાય છે, ખરેખર તો આ ખુશી અલ્લાહે જ આપણા અસ્તિત્વમાં રાખી છે. તો પછી આમ કેવી રીતે કહી

શકાય કે અલ્લાહ પોતે કોઈ પણ પ્રકારની ખુશીનો અનુભવ કરવા માટે કાદિર નથી ?

આપણામાં કોઈ વસ્તુ એવી નથી કે જેનો અનુભવ કરવા પર અલ્લાહ તઆલા કાદિર ન હોય કારણ કે તે ખાલિક છે અને આપણે મખ્લૂક છીએ અને કોઈ પણ બુધ્ધિશાળી માણસ આ વાત સ્વીકારી શકે નહીં કે ખાલિક મખ્લૂકની છ ઈન્દ્રિયોથી વાકેફ ન હોય. સંક્ષેપમાં એ કે અલ્લાહને એ વાતની જરૂર નથી કે આપણી જેમ પોતાના માટે સ્વાદ પેદા કરે કારણ કે તેનું કોઈ શરીર નથી. આપણા જીવનમાં જે વસ્તુ આપણને સ્વાદ આપે છે અને જે વસ્તુ આપણા કામમાં આવે છે તે આપણી જરૂરિયાતે પેદા કરેલી છે અને જરૂરિયાતને પણ આપણા શરીરે પેદા કરી છે અને અલ્લાહ કે જેનું કોઈ શરીર નથી તે દરેક પ્રકારની ખુશીથી બેનિયાઝ છે.

જાબિર બિન હૈયાને કહ્યું, આપણી અંદર એક ટોળું એવું છે કે જે ખ્યાતિ અને લોકપ્રિયતા માટે સખાવત કરે છે અને ઈચ્છે છે કે લોકો તેને કરીમ કહે.

ઈમામ જાફર સાદિક (અ.)એ ફરમાવ્યું, પરંતુ અલ્લાહ કોઈ આડંબર કરનાર કરીમ નથી અને તે બક્ષિસ એટલા માટે નથી આપતો કે ખ્યાતિ મેળવે. તે આડંબર વગર કરીમ છે અને તેણે મખ્લૂકાતને એટલા માટે સર્જી છે કે તેઓ અલ્લાહનો ફૈઝ પામે. પરંતુ જો તમે એમ પૂછો કે મખ્લૂકાતના સર્જનમાં અલ્લાહ તઆલાની મહેરબાની સિવાય કોઈ અન્ય કારણ રહેલું છે કે નહીં ? તો હું તમને કહીશ કે આવો સવાલ ન પૂછો કારણ કે કોઈ પણ તોહીદમાં માનનારાએ આવો સવાલ ન કરવો જોઈએ.

જાબિરે કહ્યું કે આ વાત તો દેખીતી છે કે હું આ સવાલ એટલા માટે પૂછું છું કે જો મારી મુલાકાત કોઈ તોહીદમાં ન માનનારાની સાથે થઈ જાય તો તેને જવાબ આપી શકું.

ઈમામ જાફર સાદિક (અ.)એ ફરમાવ્યું, અય જાબિર ! ફિલોસૉફીની દૃષ્ટિમાં કાઈનાતને અસ્તિત્વમાં લાવવા પાછળનું કારણ અલ્લાહ તઆલાની મહેરબાની સિવાય કોઈ અન્ય ન હોઈ શકે કારણ કે જો કાઈનાતનું સર્જન કરવા પાછળ કોઈ અન્ય કારણ હોત તો તે કારણ અલ્લાહ તઆલાને કાઈનાતના સર્જનની પ્રેરણા આપત. તો પછી તે જ કારણ અલ્લાહની જગ્યાએ આવી જાત અને પછી અલ્લાહ તઆલા ખુદાઈ ન કરી શકત. આ આધારે ફિલોસૉફીની દૃષ્ટિમાં પણ કાઈનાતને અસ્તિત્વમાં લાવવાનું કોઈ અન્ય કારણ ન હતું.

જાબિરે પૂછ્યું, શું એ વાત શક્ય નથી કે કાઈનાતના સર્જન પાછળ કોઈ કારણ હોય કે જેના આધારે અલ્લાહ તઆલાએ કાઈનાતનું સર્જન કર્યું હોય ? પછી ભલે એ કારણે અલ્લાહ તઆલાને કાઈનાતનું સર્જન કરવા માટે મજબૂર ન કર્યો હોય. આપણે માની લઈએ કે અલ્લાહ તઆલાએ કાઈનાતના સર્જન તરફ એટલા માટે ધ્યાન આપ્યું કે તે પોતાના સર્જનને બધાની સામે જાહેર કરે અથવા તો એટલા માટે કાઈનાતનું સર્જન કર્યું હોય કે પોતે સર્જનથી આનંદ પ્રાપ્ત કરે.

ઈમામ જાફર સાદિક (અ.)એ ફરમાવ્યું, અય જાબિર ! કોઈ પણ કાર્ય કરીને તેનાથી આનંદ પ્રાપ્ત કરવો કે પછી તેનો દેખાવ કરવો આ તો માણસોની વિશેષતા છે અને આ બન્ને વાતો જરૂરિયાતે પેદા કરી છે. આપણે પોતાની રૂહને ખુશ કરવા માટે દેખાવ કરવા જઈએ છીએ કારણ કે આપણને આનંદ પ્રાપ્ત કરવાની જરૂર હોય છે. માટે જ્યારે પણ આપણે કોઈ કાર્ય કરીએ છીએ

તો તે કાર્ય આપણી નજરોમાં ખુશી આપનાર બની જાય છે. પરંતુ અલ્લાહ તઆલા કે જે બેનિયાઝ છે તેને દેખાવ કરવાની કોઈ જરૂર નથી અને ન તો કોઈ વસ્તુથી આનંદ પ્રાપ્ત કરવાની જરૂર છે.

અય જાબિર ! તમને ખબર હોવી જોઈએ કે આપણી ખુશીઓનો મોટો ભાગ પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે આપણા શરીરે પેદા કર્યો છે. આપણે ભૂખના સમયે ભોજન લઈએ છીએ અને તેમાં આનંદ પ્રાપ્ત કરીએ છીએ કારણ કે આપણા શરીરને ખોરાકની જરૂર હોય છે. જો આપણા મોઢામાં જીભ અથવા ચાખવાની શક્તિ ન હોત તો કદાચ આપણે ખોરાક ન લેત. થોડી વાર માટે આ બધી વાતો ભૂલી જઈએ તો પણ કાઇનાતના સર્જન પાછળ જે પણ કંઈ કારણ હોય તો તે કારણ અલ્લાહ પાસેથી તેની કુદરત છીનવી લેશે અને કોઈ તોહીદમાં માનનારો આ વાત ન માની શકે કે કાઇનાતના સર્જન પાછળ કોઈ કારણ હતું. હા, આટલું હોઈ શકે કે અલ્લાહ તઆલાએ પોતાની મહેરબાની વડે આ કાઇનાતનું સર્જન કર્યું કે જેથી મખ્લૂકાત જીવનની નેઅમતથી ફાયદો ઉઠાવે. આ સિવાય જે પણ કંઈ કહેવામાં આવે તે તોહીદની વિરૂધ્ધ છે.

જાબિરે કહ્યું, શું અલ્લાહ તઆલાની મહેરબાની સર્જનનું કારણ નથી ? અને શું જ્યારે આપણે એમ કહીએ છીએ કે અલ્લાહ તઆલાએ પોતાની મહેરબાનીના કારણે મખ્લૂકાતનું સર્જન કર્યું છે તો આપણે એ કારણનું વર્ણન નથી કરતા ?

ઈમામ જાફર સાદિક (અ.)એ ફરમાવ્યું કે આ કોઈ આવશ્યક કારણ નથી. એટલે કે કોઈ એવું કારણ નથી કે જેનાથી અલ્લાહ તઆલા કાઇનાતના સર્જન માટે મજબૂર થઈ જાય. એટલા જ માટે તોહીદમાં માનનારો કહે છે કે અલ્લાહ તઆલાએ પોતાના કરમ વડે કાઇનાતનું સર્જન કર્યું છે ત્યારે તેનું આવું કહેવું તોહીદના વિરૂધ્ધ જતું નથી.

જાબિરે કહ્યું, હું તો સમજું છું કે આ કારણ પણ આવશ્યક છે.

ઈમામ જાફર સાદિક (અ.)એ સ્પષ્ટતા માગી.

જાબિરે કહ્યું, અલ્લાહ તઆલા કે જેણે પોતાના કરમ વડે કાઇનાતનું સર્જન કર્યું છે તે કાઇનાતના સર્જનથી દૂર પણ રહી શકતો હતો.

ઈમામ જાફર સાદિક (અ.)એ ફરમાવ્યું કે આ તો દેખીતી વાત છે.

જાબિરે કહ્યું, પણ તે કાઇનાતના સર્જનથી દૂર ન રહ્યો અને તેણે પોતાના કરમ વડે કાઇનાતનું સર્જન કર્યું. શું આ વિષય આપણને એ વાત સુધી નથી પહોંચાડતો કે અલ્લાહ તઆલા પોતાનો કરમ કરવા માટે મજબૂર છે ?

ઈમામ જાફર સાદિક (અ.)એ ફરમાવ્યું, આ જે કંઈ તમે કહી રહ્યા છો તે વિવાદ છે, ચર્ચા નથી. જ્યારે તમે એક માણસની અદબ કરો છો તો શું તમે તેની અદબ કરવા માટે મજબૂર હો છો ? ધ્યાન આપો કે હું અદબ કરવા વિષે તેના અસલ અર્થમાં વાતચીત કરી રહ્યો છું. એ અદબની વાત નથી કરતો કે જે માણસ પોતાની જવાબદારી સમજીને કરે છે અને જેની તેના ઉપર ફરજ પાડવામાં આવે છે. દાખલા તરીકે કોઈ તમારો સંબંધી ગરીબ છે અને તમે એક નિશ્ચિત મુદ્દત સુધી સતત તેની મદદ કરતા રહો છો અને જાણો છો કે જો તમે તેની મદદ નહીં કરો તો તે જીવી નહીં શકે. તમે તેના ઉપર દયા ખાઈને મદદ કરો છો તેમ છતાંય તમારું આ કાર્ય મહેરબાની ન કહેવાય, તમારી ફરજ કહેવાય.

અને તમે પોતાની ફરજ સમજો છો કે નિશ્ચિત મુદ્દત સુધી કોઈ પણ લાલચ વગર તેની મદદ કરતા રહો અને તમારાથી મદદ પામવાની દૃષ્ટિએ તે લગભગ તમારો ઋણી બની જશે.

પરંતુ હું તો એવી મદદની વાત કરી રહ્યો છું કે જે સાચા અર્થમાં કરમ છે. એક માણસ તરફ તમારું ધ્યાન છે અને તમે તેની મદદ કરવા માગો છો અને તેને ખબર નથી કે તમે તેની મદદ કરવાના છો એટલે સુધી કે તેના વિચારોમાં આ વાત આવી જ નથી કે તમારાથી તેને કોઈ વસ્તુ મળવાની છે. તમે પણ તેની મદદ કરવામાં સંપૂર્ણરીતે સ્વતંત્ર છો અને કોઈ દુન્યવી કે રૂહાની કારણ તમને તેની મદદ કરવા માટે મજબૂર નથી કરી રહ્યું. આ હકીકતોને ધ્યાનમાં રાખીને જો તમે તેની મદદ કરો છો તો શું એમ કહેવાશે કે તમે મજબૂરીમાં તેની મદદ કરી? જાબિરે કહ્યું કે નહીં.

ઈમામ જાફર સાદિક (અ.)એ ફરમાવ્યું, અલ્લાહે પણ કોઈ પણ મજબૂરી વગર પોતાના હકીકી કરમના આધારે કાઈનાતનું સર્જન કર્યું છે કે જેથી જીવનની આ નેઅમત મખ્લૂકાતને ઈનાયત કરે.

ગમે તેમ પણ હું તોહીદમાં માનનારો છું એટલે મારી બુધ્ધિ પ્રમાણે કાઈનાત અને જે કંઈ તેમાં છે તેના સર્જન માટે અલ્લાહના કરમ સિવાય કોઈ પણ કારણનો વિચાર કરતો નથી. હું મારી બુધ્ધિનો સહારો લઉં છું અને મારી બુધ્ધિ માનવીય બુધ્ધિ છે જ્યારે કે અલ્લાહ તઆલા પ્રખર બુધ્ધિશાળી છે અને તેની બુધ્ધિ અક્લે ઈલાહી છે.

અક્લે ઈલાહી માનવીય બુધ્ધિ કરતાં એટલી બધી મોટી અને શક્તિશાળી છે કે આ બન્નેમાં એકબીજા સાથે કોઈ સંબંધ જ નથી. આ બન્નેની સરખામણી કોઈ પણ પરિસ્થતિમાં શક્ય નથી. આપણે જેટલું પણ કહીએ કે અક્લે ઈલાહી માનવીય બુધ્ધિ કરતાં ચઢિયાતી અને વધારે શક્તિશાળી છે તેમ છતાં અલ્લાહ તઆલાની અક્લ અને માનવીય બુધ્ધિ વચ્ચે જરાય સરખામણી કરી શકતા નથી કારણ કે અલ્લાહ તઆલાની અકલ તેની બીજી બધી સિફતોની જેમ લામહદૂદ (અસીમિત), અઝલી અને અબદી છે. તેને કોઈ પણ માપદંડ કે ત્રાજવામાં માપી શકાય નહીં અને એવી કોઈ સંખ્યા નથી કે જે તેની સર્વોચ્ચતાનું માપ આપી શકે. જેવી માણસના મોઢેથી કોઈ સંખ્યાની વાત નીકળે અથવા તો કાગળ ઉપર કોઈ સંખ્યા લખવામાં આવે કે તરત જ તે સંખ્યા સીમિત થઈ જાય છે અને એક સીમિત વસ્તુની સખામણી લામહદૂદ, અઝલી અને અબદી વસ્તુથી ક્યારેય ન થઈ શકે.


*Nature's Low of Cure*

**શિફા હોમિયોપેથ ક્લિનીક**

**ડૉ.એહમદઅબ્બાસ ધરખડ**

*(હોમિયોપેથીક કન્સલ્ટન્ટ)*

(હઠીલા રોગો માટે આશાનું કિરણ)

સ્ત્રી રોગો, ચામડીના રોગો, ગેસ, એસીડીટી, કબજીયાત, હરસ, મસા, વા, ગાંઠીયો વા, સાયટીકા, ખરતા વાળ, થાઈરોઈડ, માનસિક રોગો માટે હોમિયોપેથિક સારવાર.

**સમય : સવારે ૧૦:૦૦ થી ૫:૦૦ સુધી**

**બહારના દર્દીઓએ ફોન કરીને આવવું.**

સ્પાન કોમ્પલેક્ષ, પૃથ્વી રેસ્ટોરન્ટની સામે, પોલીટેકનીક રોડ, વડનગર. જિ. મહેસાણા.

**મો.૯૭૨૩૩૮૯૬૧૩**

# رستہ مشکل سے بھرا پل بھر ہی میں کٹتا گیا

ولی عہد پیر سید محمد کامران حسین جعفری (مد)

رستہ مشکل سے بھرا پل بھر ہی میں کٹتا گیا،
جب بوقتِ کثرتِ غم یا علیؑ کہتا گیا۔

રસ્તા મુશ્કિલ સે ભરા પલ ભર હી મેં કટતા ગયા,
જબ બવક્તે કસરતે ગમ યા અલી[અ.] કહેતા ગયા.

مصطفیٰؐ، زہراؑ و حیدر اور شبیرؑ و حسنؑ،
خود خدا قرآن میں اِن کی ثنا کرتا گیا۔

મુસ્તફા[સ.], ઝહરા[અ.]-ઓ-હૈદર ઔર શબ્બીર[અ.]-ઓ-હસન[અ.],
ખુદ ખુદા કુરઆનમેં ઈન કી સના કરતા ગયા.

جب چڑھے احمدؐ کے کاندھے پر علیِ مرتضیٰؑ،
مثلِ قطرۂ آبِ باراں ہر صنم گرتا گیا۔

જબ ચઢહે અહમદ[સ.] કે કાંધે પર અલીયે મુર્તઝા[અ.],
મિસ્લે કતરએ આબે બારાં હર સનમ ગિરતા ગયા.

حیدرِ کرارؑ کے در کے گدا کا مرتبہ،
پوچھ اس سے جو سگِ کوئے علیؑ بنتا گیا۔

હૈદરે કર્રાર કે દર કે ગદા કા મર્તબા,
પૂછ ઉસસે જો સગે કૂએ અલી[અ.] બનતા ગયા.

مومنو! نامِ علیؑ میں یہ عجب تاثیر ہے،
جو پکارا نامِ حیدرؑ وہ ولی بنتا گیا۔

મોમિનો! નામે અલી[અ.] મેં યે અજબ તાસીર હય,
જો પુકારા નામે હૈદર વો વલી બનતા ગયા.

واہ! کیا فوجِ حسینی کے تھے کربل میں دلیر،
جو کوئی آیا وہ مثلِ مرتضیٰؑ لڑتا گیا۔

વાહ! ક્યા ફૌજે હુસૈની કે થે કરબલમેં દિલેર,
જો કોઈ આયા વો મિસ્લે મુર્તઝા[અ.] લળતા ગયા.

آئی زہراؑ کی صدا جب کٹ گئے غازیؑ کے ہاتھ،
میرا غازیؑ حقِ سقائی ادا کرتا گیا۔

આયી ઝહરા[અ.] કી સદા જબ કટ ગયે ગાઝી[અ.] કે હાથ,
મેરા ગાઝી[અ.] હક્કે સક્કાઈ અદા કરતા ગયા.

اِس سے بہتر کامرانیؔ اور کیا ہوگی بھلا!
شاعری پڑھ لی تو نعرہ حیدریؑ لگتا گیا۔

ઈસસે બહેતર 'કામરાની' ઔર ક્યા હોગી ભલા!
શાયરી પળ લી તો નાઅરા હૈદરી[અ.] લગતા ગયા.




# ૨૫૯

**સંપાદન :** મો.સિરાજઅલી પલસાણીયા (વાઘરોલ)



### ::::: આડી ચાવીઓ :::::

(૧) સ્વભાવ, પ્રકૃતિ, આદત (૪)
(૪) પોતાના વતનનો માણસ (૫)
(૭) માલ, સામગ્રી, આવશ્યક વસ્તુઓ (૩)
(૯) વફાદાર, દાસ, પ્રેમી (૩)
(૧૧) સાચે જ, ખરેખર, વાસ્તવમાં (૩)
(૧૪) અનુરાગ, પ્રેમ, પ્યાર, માંગ (૨)
(૧૫) હોઠ, અધર (૨)
(૧૬) સલામતી, સુખચેન, આરામ, શાંતિ (૪)
(૧૭) કા'બામાં લટકાવેલ એક બુત, પગથી મારવની ક્રિયા (૨)
(૧૮) સૈન્ય, લશ્કર, ફોજ (૨)
(૧૯) મેડો, ગેલરી, ઉપરનું મકાન (૩)
(૨૧) અત્યંત દાની, અત્યંત પ્રતિષ્ઠિત (૪)
(૨૩) જોખમ, ખતરો, ભય (૩)
(૨૫) દાન, બક્ષિસ, ઈનામ (૨)
(૨૬) આકાશ, આભ (૪)
(૨૮) એક અક્ષરને બેવડાવવા માટે વપરાતું ચિહ્ન (૩)
(૨૯) અજ્ઞાની, અભણ (૩)
(૩૧) ભેદ, રહસ્ય, પરામર્શ, ભલાઈ (૪)
(૩૨) બગીચો, ઉદ્યાન (૩)

### ::::: ઊભી ચાવીઓ :::::

(૧) મરચું (૪)
(૨) પહોંચ, પહોંચવાની ક્રિયા (૩)
(૩) લોભ, લાલચ, અભિલાષા (૨)
(૫) મરકીનો રોગ, વ્યાપક રોગચાળો (૨)
(૬) શિખામણ, ઉપદેશ (૪)
(૮) 'નફિલ'નું બહુવચન (૪)
(૧૦) દબાણ, કાબૂ, વજન (૨)
(૧૨) ક્યારે ? કેટલા ? ઊલટી (૨)
(૧૩) અહલેબૈત, ઘરવાળાં (૪)
(૧૪) હોંશિયાર, ચતુર (૩)
(૧૬) દુનિયાના સૌ પ્રથમ પુરુષ (૩)
(૨૦) હુમલો, આક્રમણ, ચઢાઈ (૪)
(૨૨) ખૈબરના એક કિલ્લાનું નામ (૩)
(૨૩) અપરાધ, ગુનો, ભૂલ (૨)
(૨૪) તરસ્યો, સૂકાયેલા મોઢાવાળો (૫)
(૨૬) વિશ્વ, અવસ્થા, પરિસ્થિતિ (૩)
(૨૭) મુક્તિ, છુટકારો (૩)
(૩૦) ક્ષણ, પળ (૨)

# ઝિયારતે વારેસાની તફસીર

(ગતાંકનું ચાલુ)

اَلرَّاضِيْ بِفِعْلِ قَوْمٍ كَالدَّاخِلِ مَعَهُمْ

*"જો કોઈ ઉમ્મતના એક કાર્યથી સંતોષી બની જાય તો તે એના જેવો છે કે જેણે તેમાં ભાગ લીધો હોય."*

ઈમામ હુસૈન (અ.)એ પોતાનું આખું ઘરબાર, મિત્રો અને સાથીદારોને અલ્લાહની ફરમાબરદારી અને રઝામંદીમાં કુરબાન કરી દીધું જેથી કરીને ઈસ્લામનાં મૂલ્યોના મહત્ત્વને પાયો બનાવી શકે.

حَتّٰى اَتَاكَ الْيَقِيْنِ

*"જ્યાં સુધી ઠરાવેલા સમયનું યકીન ન થઈ જાય."*

આ એ બાબતનું સૂચન કરે છે કે ઈમામ હુસૈન (અ.) પોતાના છેલ્લા શ્વાસ સુધી ઈબાદત (નમાઝ) બજાવી લાવ્યા, ઝકાત અદા કરી, અમ્ર બિલ માઅરૂફ અને નહ્યે અનિલ મુન્કર બજાવી લાવ્યા અને અલ્લાહની અને તેના રસૂલ (સ.)ની ફરમાબરદારી કરી. ઈમામ હુસૈન (અ.) કુરઆનની આ આયતનો આદર્શ બની ગયા :

وَاعْبُدْ رَبَّكَ حَتّٰى يَاْتِيَكَ الْيَقِيْنُ ﴿٩٩﴾

*"અને જ્યાં ચોક્કસ ઠરાવેલા સમય (અર્થાત્ મોત) આવે ત્યાં સુધી તારા પરવરદિગારની ઈબાદત કરતો રહે."*

(સૂરા-હિજ્ર, સૂરા-૧૫, આયત-૯૯)

મોતને 'યકીન' તરીકેનો સંદર્ભ શા માટે આપવામાં આવ્યો છે ? આલિમો એવા અભિપ્રાયના છે કે મોત અને યકીન બે કારણોને લીધે એકબીજાના પર્યાય છે. પ્રથમ તો એ કે 'યકીન' એવા કોઈ બનાવનો સંદર્ભ આપે છે કે જે ચોક્કસપણે બનવાનો જ છે અને તેમાં શંકા કે સંદેહને કોઈ સ્થાન નથી. મોત આ વ્યાખ્યામાં બંધ બેસે છે અને તેથી યકીનનો સમાનાર્થી છે. બીજું એ કે મોત સત્ય અને વાસ્તવિકતા ઉપરનો પડદો ઉઠાવશે. બીજા શબ્દોમાં અનુમાન અને અટકળ 'યકીન'માં ફેરવાઈ જશે. તેથી જ તો મોતની ચર્ચા કરતી વખતે અલ્લાહ તઆલા કુરઆને પાકમાં જાહેર કરે છે :

لَقَدْ كُنْتَ فِيْ غَفْلَةٍ مِّنْ هٰذَا فَكَشَفْنَا عَنْكَ غِطَآءَكَ فَبَصَرُكَ الْيَوْمَ حَدِيْدٌ ﴿٢٢﴾

*"ખચીત જ તું આ દિવસથી બેખબર હતો પણ હવે અમોએ તારા ઉપરથી તારો (અજ્ઞાનતાનો) પડદો ખસેડી લીધો છે જેથી તારી દ્રષ્ટિ આજે સતેજ છે."*

(સૂરા-કાફ, સૂરા-૫૦, આયત-૨૨)

فَلَعَنَ اللّٰهُ اُمَّةً قَتَلَتْكَ وَلَعَنَ اللّٰهُ اُمَّةً ظَلَمَتْكَ وَلَعَنَ اللّٰهُ اُمَّةً سَمِعَتْ بِذٰلِكَ فَرَضِيَتْ بِهِ يَامَوْلَايَ يَا اَبَا عَبْدِ اللّٰهِ

*"પછી અલ્લાહ એવી કોમ ઉપર લા'નત કરે કે જેણે તમને કતલ કર્યા અને અલ્લાહ એવી કોમ ઉપર લા'નત કરે કે જેણે તમારા ઉપર ઝુલ્મ કર્યો અને પછી અલ્લાહ એવી કોમ પર લા'નત કરે કે તેના વિષે (એટલે કે ઈમામ (અ.)ની શહાદત વિષે) સાંભળીને ખુશ થઈ હતી, અય મારા મૌલા ! યા અબા અબ્દિલ્લાહ !"*

لَعَنَ નો અર્થ થાય છે પોતાની જાતને કોઈ બાબતથી દૂર કરી દેવું અથવા પોતાની જાતથી કોઈ વસ્તુને દૂર હાંકી કાઢવી. ઈસ્લામમમાં અલ્લાહના, તેના રસૂલ (સ.)ના અને અહલેબૈત (અ.)ના દુશ્મનો ઉપર લા'નત કરવી ખૂબ જ મહત્ત્વની બાબત છે.

એ બાબત સ્પષ્ટ છે કે ઈમામ હુસૈન (અ.)ના કાતિલો મુસલમાનો ન હતા જોકે તેઓ ઈસ્લામની ઉમ્મતમાંથી હોવાનો દાવો અવશ્ય કરતા હતા. આ એ જ મુસલમાનો હતા કે જેમણે બેવડી ગવાહી شهادتين (શહાદતૈન) આપી હતી, પરંતુ ઈમાન હજુ તેમના દિલોમાં પ્રવેશ્યું જ નહોતું. ઘણા પ્રસંગોએ પયગમ્બરે પાક (સ.)એ પોતની ઉમ્મતના સાચા ઈમાન પર અડીખમતા માટે ચિંતા વ્યકત કરી હતી ને (સિરાતે મુસ્તકીમ પરથી) તેમની ગુમરાહી એક એવો વિષય હતો કે જે આપને સતત પજવ્યા કરતો હતો. ખરેખર તો ઈમામ (અ.)ના કાતિલોએ પોતાના રાહબર તરીકે એક ગુમરાહ અને જાલિમ માણસને પસંદ કર્યો હતો. તેઓ બધા નાજાઈઝ બાબતોને તાબે થઈ ગયા હતા, હલકટ વાસનાઓના હવાલે થઈ ગયા હતા, પેટ અને હવસની ભૂખના આદી બની ગયા હતા, હકનો સ્વીકાર કર્યા પછી ગુમરાહીને પસંદ કરી લીધી હતી, ઢાંગીનો પોશાક ધારણ કરી લીધો હતો, ખરાબ રસ્તે પ્રાપ્ત કરેલી વસ્તુઓથી ખુશ થઈ ગયા અને પોતાની જાત પર ગર્વ અનુભવતા હતા, વ્યાજની કમાણીથી તેમનાં પેટ ભરતા હતા, મોટી મોટી ઈચ્છાઓ કરવી તે તેમના ભાગમાં હતું, લોકોને હક વાતનો સ્વીકાર અને સાચા ઈમામોના આધિપત્યનો સ્વીકાર કરવાથી રોકતા હતા, કયામત ભૂલાઈ ગયેલી બાબત હતી, આડંબર અને ડોળ તેમની માર્ગદર્શક મશાલો હતી, તેમની વાણી આકર્ષક હતી, પરંતુ દિલ ચીતરી ચઢે તેવાં હતાં, તેઓ સંપૂર્ણપણે દુનિયામાં અને તેના ફંદાઓમાં ફસાયેલા હતા. શું આવાં લક્ષણોને કોઈ ઈસ્લામી લક્ષણો તરીકે સ્વીકારે ખરો ? શું મોહંમદ (સ.)ની ઉમ્મતને આવી વ્યકિતઓથી શણગારી શકાય ? કદાપિ નહીં.

ચાલો, આપણે પહેલાં તો ઉમ્મતનો અર્થ સમજીએ. ઉમ્મત શબ્દ એકવચન છે, પરંતુ બહુવચનનો અર્થ બતાવે છે. તેનો અર્થ થાય છે મકસદ. તે શબ્દ 'ઉમ્મ' ઉપરથી આવ્યો છે. ઉમ્મતનો અર્થ થાય તેનો મકસદ. કોઈ પણ વ્યકિતનો અથવા ટોળાનો સંદર્ભ ઉમ્મત તરીકે ફકત ત્યારે જ આપી શકાય કે જો તેઓ તેમના પેશવાની પાછળ તેના ધર્મ સાથે જોડાયેલા હોય. તો શું ઉમ્મત આવી હતી, એક જ ધર્મ ઉપર તેમના પેશવા તરીકે પયગમ્બરે પાક (સ.)ને સ્વીકારેલ હોય તેવી ? શું ઉપર દર્શાવેલાં આ ઉમ્મતનાં લક્ષણો મોહંમદ (સ.) ના ધર્મ સાથે સુસંગત હતાં ? ના, કદાપિ નહીં.

શું કોઈ માણસ કલ્પનામાં પણ એવું સમાપન કરી શકે ખરો કે પયગમ્બરે પાક (સ.)એ અત્યંત તરસ અને ભૂખને સ્વીકારી લીધી હોય અને પોતાના વહાલા ફરઝંદની પ્રાસંગિક શહાદતનો સ્વીકાર લીધો હોય ? ના.

ખરેખર અલ્લાહ લા'નત કરે એ કોમ પર ! અહીં એક મુદ્દો ધ્યાનમાં લેવા જેવો છે કે જે લોકોએ આવા ભયંકર ગુનાઓ આચર્યા હતા તેમના પ્રત્યે જેમણે સહાનુભૂતિ દર્શાવી છે તેઓ પણ ઈમામ હુસૈન (અ.)ના કાતિલોમાં ગણાશે.

يَامَوْلَایَ يَا اَبَا عَبْدِاللّٰهِ

*"અય મારા મૌલા ! અય અબા અબ્દિલ્લાહ."*

આ બાબતની હકીકત એ છે કે જો આપણે ઈમામ હુસૈન (અ.)ને આપણા મૌલા માનતા હોઈએ અને આપણી જાતને તેમના ગુલામ અને પ્રચારક માનતા હોઈએ તો પછી આપણી ખૂબ જ મોટી જવાબદારી બની જાય છે કે આપણે તેમની હદીસો, નસીહતો અને સલાહ સૂચનો પર અમલ કરીએ એ તેમનાં કાર્યોનો દાખલો બેસાડીએ. આવું સફળતાપૂર્વક કરવા માટે આપણે તેમની હદીસો, નસીહતો, કથનો અને તેમની સુન્નતોથી સારી રીતે પરિચિત થઈએ. આ રીતે જ આપણે તેમના સાચા અનુયાયી અને સમર્થક બની શકીએ. જો આપણે ઈમામ હુસૈન (અ.)ના અનુયાયી અને સાથીદાર ગણાવાની ઈચ્છા હોય તો આપણે મા'સૂમ ઈમામો આપણને જે શીખવાડી ગયા છે તે સિફતો, સદ્ગુણોથી આપણા વ્યક્તિત્વને શણગારવું જ પડશે.


મીકદાદઅલી
MO 99257 47592
(જેઠીપુરાવાળા)

મંઝર ચશ્માઘર

Manzar Optical

- નંબરના ચશ્મા
- બેલ્ટ
- ફેન્સી ગોગલ્સ
- પર્સ
- સનગ્લાસના ચશ્મા
- સ્પ્રે-અત્તર

L-5, આકાશગંગા કોમ્પલેક્ષ,
નિરાલી બસ સ્ટેન્ડ રોડ, હિંમતનગર.



ISS
INDIAN SAFETY SOLUTION

Contact:- M.G.KADIWALA
(IGC-NEBOSH, MECHANICAL ENGG.)
M. : 08866448339
E-mail : indiansafetysolution@gmail.com

ADD:- Plot No. 914, G.I.D.C. Chhatral, Ta. Kalol, Dist. Gandhinagar, Pin-382729. GUJARAT (INDIA)

INDIAN SAFETY SOLUTION


fire Extinguishers


Fire Alarm & Smoke detecoter Systems


Fire Fighting & Hydrant system

- I.S.I. માર્કાના ફાયર-હેસ્ટીંગગ્યુસર (ફાયર બોટલ)ના સપ્લાયર, ઈન્સ્ટોલેશન કરનાર તથા તેના સ્પેર પાર્ટસ અને રીફીલ કરનાર.
- મ્યુનિસિપલ કોર્પોરેશનના રૂલ્સ મુજબ ફાયર હાઈડ્રન્ટ અને સ્પ્રીન્કલર્સ સીસ્ટમનું ઈન્સ્ટોલેશન કરનાર.
- ફાયર ફાઈટીન્ગ અને સ્પ્રીન્કલર્સ સીસ્ટમના ઈક્વીપમેન્ટના સપ્લાયર્સ (જેવા કે I.S.I. સ્ટાન્ડર્ડ મુજબ હાઈડ્રન્ટ વાલ્વ, હોસપાઈપ, હોસરીલ, વિગેરે)



Industrial Safety Equipment

- કમ્પલીટ ફાયર એલારામ સીસ્ટમના સપ્લાયર તથા ઈન્સ્ટોલેશન કરનાર.
- P.P.E. ઈન્ડસ્ટ્રીયલ સેફ્ટી ઈક્વીપમેન્ટના સપ્લાયર્સ (જેવા કે હેલ્મેટ, હેન્ડગ્લોવઝ, માસ્ક, વિગેરે)
- હોટલ્સ, ઈન્ડસ્ટ્રીઝ, હોસ્પિટલ માટેના સેફ્ટી ડિઝાઈનર, ઈન્સ્ટોલેશન અને સલાહકાર.
- બધી જાતની સેફ્ટી ટ્રેનીંગ (સર્ટીફીકેટ સાથે) અને ઓડીટ માટેના ડોક્યુમેન્ટના આયોજક.

# હિંમતનગર ખાતે શુભારંભ...

BLUECROSS
LABORATORY
precise medical analyses

લોહી તથા પેશાબ ની તપાસ (Investigation) માટે ઉપલબ્ધ સેવાઓ

- આધુનિક ટેકનોલોજીથી સજ્જ લેબોરેટરી
- લેબોરેટરીના સાધનો દ્વારા ચોક્કસ પરિણામ (Result) માટે યોગ્ય અર્થીંગની વ્યવસ્થા
- ટેસ્ટ (તપાસ) માટે વપરાતા કેમીકલ્સની યોગ્ય તાપમાનમાં જાળવણી
- સ્ટાન્ડર્ડ કંપનીની કીટ (Kit) દ્વારા ટેસ્ટ



**નોંધ :- લોહી તથા પેશાબના તમામ ટેસ્ટ વ્યાજબી દરે કરી આપવામાં આવશે.**

પ્રો.ઇમદાદઅલી હસનભાઈ ભટ્ટ (જેઠીપુરા)

## બ્લ્યુક્રોસ લેબોરેટરી

L/30 આકાશગંગા કોમ્પ્લેક્ષ, બસ સ્ટેન્ડની બાજુમાં, હિંમતનગર, જિ. સા.કાં.
(ઓ.) ૦૨૭૭૨-૨૪૦૧૨૧, મો. ૯૪૨૬૪ ૧૮૬૮૬ E-mail: bluecrosslabhmt@gmail.com

હઝરત પીર મશાયખ બાવા (રહે.અ.) કૃત...

# મશાયખવાણી



## મક્તૂલનામા

● સત ગુરૂ પીર મશાયખ વાચા ●

### બયાન નં.૨૨

**સુનો સફર કેરા, કહીએ રે માસા,**
**ઈમામ હસનકા જનમ, તબ હુવા રે ખાસા*.**

(હઝરત પીર મશાયખ બાવા (રહેમતુલ્લાહ અલૈહે) ફરમાવે છે કે તમે સાંભળો કે સફર એ મહિનો છે કે જેમાં ઈમામ હસન (અ.)નો જન્મ થયો હતો.)

**સો હિજરત પીછે તીજા રે સાલા,**
**ઈમામ હસન કે જનમકા તબ હુવા રે હાલા.**

(હિજરી સનની શરૂઆત થઈ તેના ત્રીજા વર્ષે ઈમામ હસન (અ.)નો જન્મ થયો હતો.)

**ઈમામ મદીને માંહે, જનમીએ કહીએ,**
**બીબી ફાતેમાકે બેટે, ઈમામ જે લહીએ.**

(ઈમામ હસન (અ.) મદીનામાં જન્મ્યા હતા અને તેઓ બીબી ફાતેમા ઝહરા (અ.)ના દીકરા હતા કે જેમને ઈમામ કહેવાય છે.)

**એસા ફરમુદા હોવડા, નબીજી હો કેરા,**
**ઈમામ હસન કે હકમાં, તમે સુણીયો સવેરા.**

(ઈમામ હસન (અ.)ના હકમાં એટલે કે તેમની બાબતમાં નબીજીનો એવો ઈર્શાદ છે કે જે તમે સાંભળો.)

**એ ફરઝંદ મેરા, એસા રે હોવેગા,**
**દો જમાતુ કે બીચમાં, આવને પડેગા.**

(ઈમામ હસન (અ.)ના વિષે નબીજીએ એવું ફરમાવ્યું હતું કે મારો આ ફરઝંદ એવો હશે કે જે બે જમાઅતોની વચ્ચે પડીને સમાધાન કરાવશે.)

**દો જમાતુમાં મીલકર, એ જંગ રે ચુકાવે,**
**એ ફરઝંદ મેરા, એસા રે કેલાવે.**

(નબીજીએ ફરમાવ્યું હતું કે મારો આ ફરઝંદ બે જમાઅતો વચ્ચે મળી જઈને તેમના વચ્ચે જંગ થતો અટકાવશે. મારો આ ફરઝંદ એવો (શાંતિપ્રિય) હશે.)

**એ ફરમુદા નબીકા જાનો રે સહી,**
**ઈમામ હસન કે હકમાં, એસી ખબર રે કહી.**

(નબીજીનો આવો ફરમૂદો હતો અને તે ઈમામ હસન (અ.)ના હકમાં હતો એવી ખબર કહેવામાં આવી છે.)

**ઈમામ હસનને કીતી, સહી વેસી રે બાતી,**
**જ્યું નબીજીકી હદીસ, હે સહી રે કેલાતી.**

(નબીજીએ જેવી ભવિષ્યવાણીની હદીસ કહી હતી એ મુજબ જ ઈમામ હસન (અ.)એ આચરણ કરીને બતાવ્યું.)

**દો જમાતુ થા એક દન, કિયા જંગ રે સામાના,**
**દોનું મોમિનુંકા ટોલા, સહી રે જાનો.**

---

(*વધુ પ્રચલિત રિવાયત પ્રમાણે ઈમામ હસન (અ.)નો જન્મ રમઝાનુલ મુબારકની પંદરમી તારીખે થયો હતો.)

(ઈમામ હસન (અ.)ના જમાનામાં મોમિનોનાં બે ટોળાં એક દિવસ સામસામે આવી ગયાં હતાં અને જંગનો સામાન પણ તૈયાર કરી દીધો હતો.)

**ઈમામ હસનને બાત, તબ હુસેનકુ કહી,**
**ઈમામ હુસેનકુ બાત કે, રાજી કીયે રે સહી.**

(જ્યારે આવું થયું ત્યારે ઈમામ હસન (અ.)એ આ વિશે ઈમામ હુસૈન (અ.)ને વાત કરી અને બન્ને વચ્ચે સુલેહ કરાવવા માટે ઈમામ હુસૈન (અ.)ને રાજી કરી લીધા.)

**તબ બાદશાહી છોડી, દોનું ઈમામુકી જાતી,**
**યું સલાહ તો કીતી, એસી સુની રે બાતી.**

(એવી વાત સાંભળવા મળી છે કે બન્ને ભાઈઓએ સલાહ મશવેરો કર્યો અને ત્યાર પછી બન્ને ઈમામોએ બાદશાહી છોડી દીધી.)

**છોડ બાદશાહી *ગોશા, ફિકરસું લીતા,**
**સહી વે હે કરતા જે ચાવે આપ મીતા**

**-: રે તુહી :-**

(ઈમામ હસન (અ.)એ બન્ને જમાઅતોની ચિંતા કરીને પોતાની બાદશાહી છોડી દીધી અને એકાંતવાસ પસંદ કરી લીધો. અલ્લાહ તઆલા જેવું ઈચ્છે છે તેવું જ કરે છે.)

**ઈમામ હસન સહી જનમીએ,**
**મદીને કેરે ઠામ રે, મદીને કેરે ઠામ,**
**દો જમાતુમાં અનુ સહી,**
**કિયા સુલેહકા કામ રે, કિયા સુલેહકા કામ.**

(ઈમામ હસન (અ.) મદીનામાં જન્મ્યા હતા અને તેમણે બે જમાઅતો વચ્ચે સુલેહ કરાવવાનું કાર્ય કર્યું હતું.)

---

*ગોશા = એકાંત


Abbas Ali 9925637429
Manjur Ali 9662238925

જ્યોતિ ઈલેક્ટ્રીક

ઘર, હોટલ, રેસ્ટોરેન્ટ, ગેસ્ટહાઉસ, તથા ઓફિસના ઈલેક્ટ્રીક માલ-સામાન અમારા ત્યાં વ્યાજબી ભાવે મળી રહેશે.

ઈસ્ત્રી, હીટર, ગ્રીઝર, મીક્સર બ્લેન્ડર મળશે.

Hi-Fi MODULAR
RR KĀBEL
Rapid Electric accessories
Crompton Greaves EVERYDAY SOLUTIONS
POLYCAB WIRES & CABLES
HAVELLS

(ગામ : સેદ્રાણાવાળા)

જી-૮૦, સામર્થ કોમ્પલેક્ષ, હોટલ સિધ્ધાર્થની સામે, તાવડીયા ચાર રસ્તા, સિધ્ધપુર.



આબિદઅલી મસી ૯૭૨૪૨૫૨૯૫૨
હસનઅલી નુરભાણેજ ૯૭૨૪૭૫૭૩૧૯
(હરિપુરાવાળા)

સહારા હાર્ડવેર

હાર્ડવેરને લગતી તમામ આઈટમ મળશે.

:::: ડીલર ::::

- કોરોમંડલ કિંગ સિમેન્ટ
- સાંધી સિમેન્ટ
- એશિયન પેઈન્ટસ
- બર્જર પેઈન્ટસ

કોમ્પ્યૂટરથી મનપસંદ કલર બનાવવામાં આવે છે.

આશિષ કિરાણા સ્ટોર્સની સામે, જાદર-સ્ટેશન, તા. ઈડર, જિ. સાબરકાંઠા – ૩૮૩૧૧૦

કુરઆને મજીદના

# સૂરાઓનો પરિચય

**સૂરા નં.૮૩** **સૂરા તતફીફ**

૩૬ આયતો ધરાવતો આ સૂરો મદીનામાં નાઝિલ થયો હોવાથી મદની સૂરો છે.

**અફસોસ છે તે લોકો માટે કે જેઓ (તોલ માપમાં) ઓછું આપે છે. (૧)**

**જેઓ જ્યારે લોકો પાસેથી (અનાજ વગેરે) માપીને લે છે ત્યારે પૂરેપૂરું (માપીને) લે છે. (૨)**

**અને જ્યારે તેમને માપીને કે જોખીને આપે છે ત્યારે ઓછું આપે છે. (૩)**

**શું તેઓ વિચારતા નથી કે તેમને પાછા ઉઠાડવામાં આવશે. (૪)**

**તે મહાન દિવસે. (૫)**

**કે જે દિવસે સર્વે લોકો તમામ જગતના પરવરદિગારની હુઝૂરમાં ઊભા થશે. (૬)**

وَيْلٌ (અફસોસ) તફસીરે મજમઉલ બયાનમાં છે કે જ્યારે રસૂલલ્લાહ (સ.) મક્કાથી હિજરત કરીને મદીના તશરીફ લાવ્યા તે વખતે મદીનાના દુકાનદારો એવા હતા કે માલ લેતી વખતે પૂરું માપ લેતા હતા, પણ માલ વેચતી વખતે ઓછું આપતા હતા અને તેથી તેનું નામ **તતફીફ** છે. અબૂ જહેનીયા નામની એક વ્યક્તિ હતી કે જેણે લેવા આપવાનાં બે માપ રાખ્યાં હતાં. મોટા માપથી તે વસ્તુઓ ખરીદતો હતો અને નાના માપથી તે વેચતો હતો ત્યારે આ આયત નાઝિલ થઈ અને હુઝૂરે તેને આ આયતો પઢીને સંભળાવી, તેથી લોકો આ બૂરી આદતથી રોકાઈ ગયા. અલ્લામા સૈયદ મોહંમદ કાઝિમ તબાતબાઈ (અ.મ.)થી મન્કૂલ છે કે **તતફીફ** એટલે બિલકુલ ઓછું કરવું, ભલેને પછી તે માપથી હોય, વજનથી હોય અથવા સંખ્યાથી. પ્રત્યેક બૂરી આદતને એ વખતે છોડવામાં આવે છે જ્યારે કોઈ પૂછાણાનો ડર હોય, એટલા માટે જ ઈસ્લામે કયામતના અકીદા ઉપર જોર આપેલ છે અને અનેક સ્થળે તેના ઉપર દલીલો રજૂ કરી છે. આ સ્થળે ફરમાવે છે કે શું તે લોકોને કયામતના દિવસે પાછા ઊભા થવાનું યકીન નથી ?

હઝરત મિકદાદ બિન અસ્વદથી વર્ણન છે કે મેં રસૂલલ્લાહ (સ.)થી સાંભળ્યું છે કે કયામતના દિવસે સૂરજ નજીક આવી જશે એટલે સુધી કે એક અથવા બે માઈલનું અંતર રહી જશે. હદીસનો રાવી કહે છે કે હું નથી સમજી શક્યો કે આ માઈલનો અર્થ અંતર છે કે આંખમાં સુરમો લગાડવાની સળી છે કે જેને અરબીમાં 'મીલ' કહેવામાં આવે છે. મતલબ એ કે સૂરજ બહુ જ નજીક આવી જશે અને લોકો પોતાના પસીનામાં ભીંજાઈ જશે અને પોતાના

આમાલ પ્રમાણે તેઓ પસીનામાં ડૂબેલા હશે.

ત્યાર પછીની આયતોનો અનુવાદ : **સાંભળો! બેશક દુરાચારીઓની (કરણીનાં) લખાણ સિજ્જીનમાં હશે. (૭)**

**અને તને શી ખબર કે સિજ્જીન શું છે. (૮)**

**તે એક લખેલું લખાણ છે (કે જેમાં દુરાચારીઓની) કરણી લખેલી છે. (૯)**

كَلَّآ (જાણકાર થઈ જાઓ) આ શબ્દ કોઈ ચેતવણી આપવા માટે વપરાય છે.

كِتٰبَ الْفُجَّارِ (બૂરા લોકોની કિતાબ) આ શબ્દના જુદા જુદા અર્થ કરવામાં આવ્યા છે : (૧) બૂરા લોકોની કિતાબમાં લખાશે અને એવા લોકો સિજ્જીનમાં જશે અને હઝરત રસૂલે ખુદા (સ.)થી વર્ણન છે કે સિજ્જીન સાતમી જમીનથી પણ નીચે છે. (૨) ઈબ્ને અબ્બાસે કઅબુલ અહબારથી પૂછ્યું કે આ આયતનો અર્થ શું છે ? તેણે જવાબ આપ્યો કે 'રૂહે હાજિર' (ખરાબ રૂહ)ને આસમાનની તરફ લઈ જવામાં આવશે તો આસમાન તેનો ઈન્કાર કરશે. પછી તેને જમીન ઉપર લાવવામાં આવશે તો તેને જમીન પણ કબૂલ કરશે નહીં. પછી તેને સાતમી જમીનની નીચે પહોંચાડવામાં આવશે કે જ્યાં સિજ્જીન છે અને ત્યાં ઈબ્લીસનું લશ્કર રહે છે. (૩) એક કોલ એ પણ છે કે સિજ્જીન જહન્નમમાં એક કૂવો છે કે જેનું મોઢું ખુલ્લું છે અને ફલક પણ જહન્નમમાં એક કૂવો છે કે જેનું મોઢું બંધ છે. (૪) કેટલાક કહે છે કે સિજ્જીન જહન્નમીઓની કિતાબનું નામ છે જેમકે આયતથી જાહેર થાય છે એટલે એ કિતાબ કે જેમાં કુફ્ફાર ઉપર અઝાબે જહન્નમ ફર્જ કરવામાં આવેલ છે તે કિતાબનું નામ સિજ્જીન છે.

તમને શું ખબર કે સિજ્જીન શું છે ? અહીં પ્રશ્નાર્થ સ્વરૂપે પૂછવામાં આવ્યું છે એટલે સિજ્જીન શબ્દ તેની અગત્યતા વધારવા માટે વાપરવામાં આવ્યો છે કારણ કે તેથી ગુનેગાર લોકો ગુના કરવાથી અટકી જાય અને ભલાઈ પ્રાપ્ત કરી શકે. 'કિતાબુલ મર્કૂમ'ના વિષે કેટલાકે કહ્યું છે કે આ સિજ્જીનની તફસીર છે પણ અલ્લામા તબરસી ફરમાવે છે કે આ સિજ્જીનની તફસીર નથી પણ કિતાબુલ ફુજ્જારની કિતાબ કે જે સિજ્જીનમાં હશે અને કિતાબ લખાયેલી (મર્કૂમ) છે. (ક્રમશઃ)


મો. ૯૪૨૬૮ ૭૫૬૬૭
મો. ૯૯૭૮૦ ૧૪૫૭૪

**વન-ટેન ફેશન**

અમે તમારી સમક્ષ અવનવી વેરાઈટીઓ લઈને આવી રહ્યા છીએ. જેમાં ચિલ્ડ્રન વેર, જેન્ટસ વેર, ટી-શર્ટ, વોલેટ, બેલ્ટની લેટેસ્ટ વેરાઈટીઓ ઉપલબ્ધ છે.

*એક વાર અવશ્ય મુલાકાત લેવા પધારશો...*

બી-૩, સિલ્વર પ્લાઝા કોમ્પલેક્ષ, ઈદગાહ કમ્પાઉન્ડ, બસ સ્ટેન્ડ પાસે, સુપ્રિમ જનરલ સ્ટોર્સની પાછળ, સિધ્ધપુર.

મૌલાના ઓબયદુલ્લાહ અમૃતસરી દ્વારા સંપાદિત 'અર્જહુલ મતાલિબ'નો અનુવાદ

# સર્વશ્રેષ્ઠ સ્મરણ

## જનાબે અમીર (અ.)ના અમલી ફઝાએલનું વર્ણન

### ઔલાદે સાલેહ

**અહલે અબા (અ.)ના ફઝાએલનું વર્ણન**

**લતીફા :**

(૨) મામૂને એક અલવી સૈયદથી કહ્યું, તમને અમારા ઉપર અરબ હોવાની અને જનાબે રસૂલલ્લાહ (સ.)ની કરાબતમાં શું ફઝીલત છે ? અલવીએ જવાબ આપ્યો કે જનાબે રસૂલલ્લાહ (સ.)થી અમારી સ્ત્રીઓને પડદો કરવાની જરૂર નથી અને તમારી સ્ત્રીને પડદો કરવાની જરૂર છે.

**પાંચ બાબતોમાં આંહઝરત (સ.)ની આલનું આંહઝરત (સ.)ની સાથે સમાન હોવું.**

ઈમામ ફખ્રુદ્દીન રાઝી કહે છે કે અલ્લાહ ઈઝ્ઝો જલ્લએ આંહઝરત (સ.)ની અહલેબૈતને પાંચ બાબતોમાં આંહઝરત (સ.) સાથે સમાન ગણી છે. પહેલી તો એ કે સલામમાં તેમને આંહઝરત (સ.)ના શરીક અને સમાન ગણ્યા. પરવરદિગારે આલમે ફરમાવ્યું છે કે સલામ થાય તારા ઉપર અય નબી ! અને રહેમત ખુદાની અને તેની બરકતો અને તેમની અહલેબૈતના હકમાં ફરમાવ્યું કે આલે યાસીન પર સલામ થાય.

સૈયદ નૂરુદ્દીન અલી બિન જમાલુદ્દીન અબ્દુલ્લાહ શાફઈ (રહે.અ.) જવાહેરૂલ અકદૈનમાં લખે છે. મુફસ્સેરીનની એક જમાઅતે અબ્દુલ્લાહ બિન અબ્બાસથી રિવાયત કરી છે કે તેઓ આયત સલામ અલી આલે યાસીનની તફસીર લખે છે કે તેનાથી મુરાદ આલે મોહંમદ છે. કલબી (રહે.અ.) થી રિવાયત કરે છે કે આલે યાસીનથી મુરાદ આલે મોહંમદ છે. અલ્લાહ તઆલાએ મોહંમદ (સ.)નું નામ યાસીન નામ પરથી રાખ્યું છે જેવી રીતે કે હઝરત યાકૂબ (અ.)નું નામ ઈસરાઈલ રાખ્યું છે અને અહમદ અને મોહંમદ આપનાં નામ રાખ્યાં છે.

બીજી બાબત કે જેમાં આંહઝરત (સ.)ની સાથે આપના અહલેબૈતનું શરીક અને સમાન હોવાનું શું છે તો તે તહારત છે. અલ્લાહ જલ્લેશાનહૂ ફરમાવે છે કે અય તાહા ! અય તાહિર ! અમોએ એટલા માટે તારી તરફ કુરઆનને નાઝિલ નથી કર્યું કે તું બહેકી જાય અને આંહઝરત (સ.)ની અહલેબૈતના માટે ફરમાવ્યું છે કે તાહિર કરશે તમને જેવો તાહિર કરવાનો હક છે.

ત્રીજી બાબત કે જેમાં આંહઝરત (સ.)ની સાથે આપ (સ.)ની અહલેબૈતનું શરીક અને સામ્ય હોવું શું છે ? તે દુરૂદ શરીફ છે જેમકે તશહ્હુદના પ્રકરણમાં છે. કા'બ બિન અજઝા કહે છે કે જ્યારે આ આયત નાઝિલ થઈ કે જેનો અનુવાદ આ મુજબ છે : કે નિઃશંકપણે અલ્લાહ તઆલા અને તેના ફરિશ્તાઓ દુરૂદ પઢે છે નબી પર, અય તે લોકો

કે જેઓ ઈમાન લાવ્યા છો દુરૂદ પઢો તેના પર અને સલામ મોકલો કે જેવો સલામ મોકલવાનો હક છે. અમે અરજ કરી, યા રસૂલલ્લાહ ! અમને તાલીમ ફરમાવો કે અમે આપના ઉપર કેવી રીતે દુરૂદ પઢ્યા કરીએ ? અને કેવી રીતે સલામ મોકલ્યા કરીએ ? તો આપ (સ.)એ ઈર્શાદ ફરમાવ્યો કે તમે આ રીતે કહ્યા કરો, અય અમારા પરવરદિગાર ! રહેમત નાઝિલ કર મોહંમદ (સ.) અને આલે મોહંમદ (સ.) પર જેવી રીતે કે તેં બરકતો નાઝિલ કરી છે ઈબ્રાહીમ અને આલે ઈબ્રાહીમ ઉપર બેશક તું કાબિલે તારીફ અને બરગુઝીદા છે.

અબૂ મસઊદ બદરી (રઝી.અ.)થી રિવાયત છે કે અમારી પાસે સરવરે આલમ (સ.) તશરીફ લાવ્યા. અમે સઅદ બિન ઉબાદાની મજલિસમાં બેઠેલા હતા. બશીર બિન સઅદે અરજ કરી, યા રસૂલલ્લાહ ! અમને અલ્લાહ તઆલાએ આપના ઉપર દુરૂદ પઢવાનો હુકમ કર્યો છે. તો પછી અમે કેવી રીતે આપના ઉપર દુરૂદ પઢ્યા કરીએ ? જનાબે રસૂલલ્લાહ (સ.) ખામોશ થઈ રહ્યા એટલે સુધી કે અમને ખયાલ પેદા થયો કે કાશ બશીર બિન સઅદે હુઝૂર (સ.)ને આવો સવાલ ન કર્યો હોત. પછી આપ (સ.)એ ઈર્શાદ કર્યો કે તમે આવી રીતે પઢ્યા કરો, અય અમારા પરવરદિગાર ! રહેમત નાઝિલ કર મોહંમદ અને આલે મોહંમદ પર જેવી રીતે કે તેં રહેમત નાઝિલ કરી છે ઈબ્રાહીમ અને આલે ઈબ્રાહીમ પર. બેશક તું જ કાબિલે તારીફ અને બરગુઝીદા છે. અય અમારા પરવરદિગાર ! બરકત મોકલ મોહંમદ અને આલે મોહંમદને કે જેવી રીતે તેં બરકત મોકલી છે ઈબ્રાહીમ અને આલે ઈબ્રાહીમને. ખરેખર તું જ કાબિલે તારીફ અને બરગુઝીદા છે. આ રિવાયત તો સર્વમાન્ય છે અને તિબરાનીએ આ હદીસને આવી રીતે રિવાયત કરી છે કે આંહઝરત (સ.) બશીર બિન સઅદના પૂછવા પર ખામોશ થઈ ગયા એટલે સુધી કે હુઝૂર (સ.)ની તરફ જનાબે ઈલાહીથી વહી નાઝિલ થઈ અને આપ (સ.)એ ઈર્શાદ કર્યો કે તમે આ રીતે પઢ્યા કરો : અલ્લાહુમ્મા સલ્લે અલખ.

શહર બિન હવીશબ (રઝી.) જનાબે ઉમ્મુલ મોમિનીન ઉમ્મે સલમાથી રિવાયત કરી છે કે તેહકીકની સાથે જનાબે રસૂલલ્લાહ (સ.) એ જનાબે ફાતેમા (સ.)ને કહ્યું, મારી પાસે તમારા શૌહર અને બન્ને દીકરાઓને બોલાવી લાવો. તેઓ તેમને પોતાની સાથે લાવ્યા. આપે એક કપડું કે જે મને ખૈબરમાં હાથ લાગ્યું હતું અને મારી પાસે હતું તે તેમના ઉપર નાખી દીધું અને દુઆ કરી, અય મારા પરવરદિગાર ! આ આલે મોહંમદ છે. માટે તું તારી રહેમત અને બરકતો તેમના ઉપર નાઝિલ ફરમાવ જેવી રીતે કે તેં ઈબ્રાહીમ અને આલે ઈબ્રાહીમ પર નાઝિલ કરી છે અને તું જ કાબિલે તારીફ અને બરગુઝીદા છે.

જનાબે ઉમર કહે છે કે કિરૂઅત અને તશહ્હુદ વગર નમાઝ નથી થતી અને આંહઝરત (સ.) અને તેમની આલ પર દુરૂદ પઢ્યા સિવાય પણ.

અબ્દુલ્લાહ બિન મસઊદ (રઝી.અ.) કહે છે કે જે માણસે તશહ્હુદમાં આંહઝરત (સ.) અને તેમની આલ પર દુરૂદ ન પઢી તેની નમાઝ થતી નથી.

શઅબા (રહે.અ.) કહે છે કે જેણે તશહ્હુદમાં નબી (સ.) ઉપર અને આપ (સ.)ની આલ પર દુરૂદ ન પઢી તે તેણે જોઈએ કે નમાઝને ફરીથી પઢે.

જનાબે સરવરે કાઈનાત (સ.)થી મર્કૂમ છે કે આપ (સ.)એ ફરમાવ્યું મારા પર તમે દુરૂદે નાકિસ ન પઢ્યા કરો. સહાબાએ અરજ કરી, યા રસૂલલ્લાહ ! દુરૂદે નાકિસ શું છે ? આપ (અ.)એ ફરમાવ્યું કે તમે લોકો કહ્યા કરો છો કે અય પરવરદિગાર ! રહેમત નાઝિલ કર મોહંમદ (સ.) પર અને ત્યાર પછી ખામોશ થઈ જાઓ છો બલ્કે એવું કહ્યા કરો કે અય પરવરદિગાર ! રહેમત નાઝિલ કર મોહંમદ (સ.) પર અને મોહંમદ (સ.)ની આલ પર.

ઈમામ શાફઈ (રહે.અ.) કહે છે કે અય અહલેબૈતે રસૂલલ્લાહ ! તમારી મોહબ્બતને અલ્લાહે ફર્ઝ કરી છે અને કુરઆન શરીફ તેના માટે નાઝિલ કરવામાં આવ્યું છે. તમારા મર્તબાની વડાઈ માટે આટલું જ કહેવું પૂરતું છે કે જે માણસ તમારા પર દુરૂદ ન પઢે તેની નમાઝ થતી નથી. (ક્રમશ:)


**રક્ષણ ફેબ્રીકેશન ગ્રૃપ**

ગ્રીન હાઉસ, ખેતર, પ્લોટ, વાડી, વગેરેની ફેન્સીંગ જાળી અને ફેન્સીંગ તારની વાડનું કામ માલસામાન સાથે સંતોષકારક રીતે કરી આપવામાં આવશે.




સંપર્ક

મહંમદઅલી વી. ગોદડ – ૯૫૫૮૯૦૦૯૭૦
સાજીદઅલી એમ. ગોદડ – ૯૪૨૭૩૬૫૧૪૭
૯૬૬૨૦૯૫૫૮૮

મુ.પો. હરિપુરા, પો.અરોડા, તા. ઇડર, જી.સાબરકાંઠા.










96248 75721
Ahesanali

99254 79971
Manjur mama
97237 99222
A.I.Manasiya

PRECISIO
ENGINEERING
precisio.engineering@gmail.com

**પ્રેસિઝિયો એન્જીનીયરીંગ વર્કસ**

મેન્યુ. : સીવીલ કન્સ્ટ્રકશન મશીનરી, ટાવર હોઇસ્ટ લીપ તથા દરેક કંપનીનું મિક્ષર મશીન રીપેરીંગ તેમજ ફેબ્રીકેશન કામ કરનાર.

ખેરાલુ-વડનગર હાઈવે, વલાસણા ચોકરી, હોટલ સરીતાની બાજુમાં, મુ.રસુલપુર



અબ્બાસઅલી
૯૪૨૯૫૪૫૪૫૫

**ગ્રેસ બ્યુટીક**

ડિઝાઈનર ડ્રેસ મટીરીયલ્સ

ડૉ. ગાંધીરોડ,
જાની ચેમ્બર્સની ગલીમાં,
રાજુભાઈ જવેલર્સની પાસે,
હિંમતનગર.




• **Hadiya : 2786/ -**
**Onwards**

**Quran with Reader Pen**

Contact :

- સજ્જાદ જાફરી – ૦૯૮ ૯૮ ૬૬૪ ૩૩૬
- આબિદ પટેલ – ૦૯૮ ૨૫ ૫૧૨ ૭૨૨ (અમદાવાદ)
- સલમાન – ૦૯૪ ૦૮ ૨૭૩ ૪૪૦ (હિંમતનગર)
- સાદિક – ૦૯૯ ૦૪ ૯૪૧ ૯૯૨ (ધોળકા)
- અમ્મારહૈદર – ૦૯૮ ૯૮ ૩૯૪ ૭૭૭ (દમણ)



મૌલા અલી(અ.)ના જીવન પ્રસંગો પર આધારિત કિતાબ

લેખક : શેખ મુફીદ

# અલ ઈર્શાદ

## હુદૈબિયાના જંગનું મેદાન

(ગતાંકનું ચાલુ)

(ઈબ્રાહીમ બિન ઉમરે મોઅતબર લોકોના હવાલાથી વર્ણન કર્યું છે કે કાઈદે તેમને બતાવ્યું કે જે અબ્દુલ્લાહ બિન સાલિમનો ગુલામ હતો. તેનું બયાન છે કે)

''જ્યારે પયગમ્બરે ઈસ્લામ (સ.) ઉમરા કરવા માટે સફર કરવા તૈયાર થયા અને જ્યારે આપનો કાફલો મદીનાની નજીક પહોંચ્યો તો આપે હજફામાં રોકાણ કરવાનો હુકમ કર્યો. ઘણી બધી તપાસ કરવા છતાં ત્યાં પાણી ન મળી શકયું. આપે સઅદ ઈબ્ને માલિકને પાણીની મશકો લઈને રવાના કર્યા. સઅદે થોડેક દૂર સુધી ગયા પછી પાછા આવીને પયગમ્બર (સ.)ને કહ્યું,

''અય રસૂલલ્લાહ ! હું આનાથી વધારે આગળ નથી જઈ શકતો. મારા પગ ચાલતાં ચાલતાં રોકાઈ ગયા હતા. મને દુશ્મનોનો ડર લાગ્યો.''

આ સાંભળીને પયગમ્બર (સ.)એ કહ્યું,

''બેસી જાઓ.''

ત્યાર પછી આંહઝરત (સ.)એ બીજા માણસને મોકલ્યો. તે માણસ પણ મશકો લઈને ગયો. પરંતુ જ્યારે તે એ જગ્યાએ પહોંચ્યો કે જ્યાં પહેલો માણસ રોકાઈ ગયો હતો, તો બીજો માણસ પણ પાછો આવી ગયો. પયગમ્બર (સ.)એ તેને પૂછ્યું,

''તમે શા માટે પાછા આવી ગયા છો ?''

તો તેણે જવાબ આપ્યો,

''યા રસૂલલ્લાહ ! એની કસમ કે જેણે આપને સાદિક અને અમીન રસૂલ બનાવ્યા. મારામાં એટલી હિંમત ન હતી કે હું એ જગ્યાએથી આગળ જાઉં. હું ડરથી ધ્રુજી રહ્યો હતો.''

ત્યાર પછી રસૂલે ખુદા (સ.)એ અમીરુલ મોમિનીન (અ.)ને બોલાવ્યા અને તેમને મશકો આપીને રવાના કર્યા. લોકો ખૂબ તરસ્યા હતા, પરંતુ તેઓ પોતાની તરસ જાહેર કરતા ન હતા. કેમકે તેમણે જોયું હતું કે આપ (અ.)ના પહેલાં બે ખાસ માણસો પાણી લેવા માટે ગયા હતા, પરંતુ ડરના માર્યા પાણી લાવવામાં સફળ ન થઈ શકયા. હઝરત અલી (અ.) મશકો લઈને આગળ વધતા ગયા. છેવટે આપ (અ.) 'હિરા'ના સ્થળે આવી ગયા અને ત્યાં પાણી શોધવા લાગ્યા. પાણી મળી ગયું અને આપ (અ.) મશકો ભરીને પાછા પયગમ્બર (સ.)ની ખિદમતમાં આવ્યા. મુસલમાનોએ ખુશીના નાઅરા લગાવ્યા. આપને જોઈને પયગમ્બર (સ.)એ કહ્યું,

''અલ્લાહો અકબર.'' અને આપના માટે અલ્લાહથી દુઆઓ માગી.

આ જંગ દરમિયાન સહલ બિન ઉમર એક

દિવસ પયગમ્બર (સ.)ની પાસે આવ્યો અને બોલ્યો,

"અમારો ગુલામ આપની પાસે આવી ગયો છે તેને અમને સોંપી દો."

આ સાંભળીને પયગમ્બર (સ.)નો ચહેરો ગુસ્સાથી તમતમવા લાગ્યો. આંહઝરત (સ.)એ જવાબ આપ્યો,

"કુરૈશના લોકો ! નાસી જાઓ, નહીંતર ખુદા એક એવા માણસને મોકલશે કે જેનું દિલ ઈમાનથી ભરેલું છે, જે તમારી ગરદનોને એવી રીતે કાપી નાખશે કે જેવો શરીઅતે હુકમ કર્યો છે."

જે લોકો ત્યાં મોજૂદ હતા તેમનામાંથી એકે પૂછ્યું,

"શું તે માણસ ફલાણો છે ?"

આપે જવાબ આપ્યો,

"ના, તે નથી."

તેણે ફરીથી પૂછ્યું,

"તો શું તે ફલાણો છે ?"

આપે બતાવ્યું,

"ના, તે માણસ એ છે કે જે પેલા વર્તુળમાં બેઠો બેઠો ચપ્પલમાં થીગડાં મારી રહ્યો છે તે."

બધા લોકો તે વર્તુળની તરફ ગયા જેથી જોઈ શકે કે તે માણસ કોણ છે. તે લોકોએ કુંડાળામાં અમીરુલ મોમિનીન (અ.)ને જોયા કે જેઓ ચપ્પલમાં થીગડાં મારી રહ્યા હતા.

લોકોના એક ટોળાએ અમીરુલ મોમિનીન (અ.)ના હવાલાથી આ હદીસ બયાન કરી છે. લોકોનું કહેવું છે કે અમીરુલ મોમિનીન (અ.)એ બતાવ્યું,

"મેં પયગમ્બરે ખુદા (સ.)ને એવું કહેતા સાંભળ્યા છે કે, "જે ઈરાદાપૂર્વક અલી (અ.)ના મુકાબલામાં આવશે તેનું ઠેકાણું જહન્નમ હશે."

અમીરુલ મોમિનીન (અ.) જે ચપ્પલ સાંધી રહ્યા હતા તે પયગમ્બર (સ.)નું હતું. રસ્તામાં તે તૂટી ગયું હતું અને થીગડાં લગાવવાનું કામ અમીરુલ મોમિનીન (અ.)એ કર્યું હતું.

(ઈસ્માઈલ બિન અલી અમીએ નાઈલ બિન નજીહના હવાલાથી અને તેમણે ઉમર બિન શમીરના હવાલાથી અને તેમણે જાબિર બિન યઝીદના હવાલાથી અને તેમણે અબૂ જાફર મોહંમદ બિન અલીના હવાલાથી અને તેમણે પોતાના પિતાના હવાલાથી હદીસ બયાન કરી છે કે તેઓ કહેતા હતા કે)

"પયગમ્બર (સ.)ના ચપ્પલની એક દોરી તૂટી ગઈ હતી. આંહઝરત (સ.)એ તેને હઝરત અલી (અ.)ને આપ્યું જેથી તેઓ તેની મરમ્મત કરી દે. આંહઝરત (સ.) માત્ર એક ચપ્પલ જ પહેરેલી અવસ્થામાં એટલે દૂર સુધી ગયા હતા કે જેટલું કમાનમાંથી નીકળીને તીર જાય છે. આંહઝરત (સ.) પોતાના સહાબીઓની પાસે આવી ગયા અને કહેવા લાગ્યા,

"તમારામાંથી એક માણસ એવો થશે કે જે કુરઆનના મતલબોની હિફાઝત માટે જંગ કરશે."

એક નિકટવર્તી સહાબીએ પૂછ્યું,

"અય અલ્લાહના રસૂલ ! શું એ માણસ હું છું?"

જવાબ આપ્યો, "ના."

બીજા એક સહાબીએ પૂછ્યું,

"યા રસૂલે ખુદા ! શું હું છું ?"

આંહઝરત (સ.)એ કહ્યું,

'ના.''

લોકો હેરતથી એકબીજાની તરફ જોવા લાગ્યા. ત્યારે પયગમ્બરે ઈસ્લામ (સ.)એ લોકોને બતાવ્યું,

''તે માણસ એ છે કે જે ચપ્પલની મરમ્મત કરી રહ્યો છે.'' ત્યારે આંહઝરત (સ.)એ આંગળીથી હઝરત અલી ઈબ્ને અબિ તાલિબની તરફ ઈશારો કર્યો,

''આ કુરઆનના અર્થ અને મતલબ બયાન કરશે જ્યારે કે મારી ઉમ્મત તેને ભૂલી ચૂકી હશે અને લોકોને દીનની બાબતમાં ખૂબ જ ઓછી જાણકારી હશે. તે લોકો દીનના સરપરસ્ત બની જશે કે જેમને દીન સાથે કોઈ સંબંધ નહીં હોય. એમની સાથે અલી જિહાદ કરશે. અને દીનને ફરીથી પ્રચલિત કરશે.''


પીરો મુરશિદની દુઆથી અને મોમિન ભાઈ બહેનોના સહકારથી ૧૪ વર્ષથી ટૂર્સનું આયોજન ચાલુ છે.

ઝહીર ટૂર્સ એન્ડ ટ્રાવેલ્સ

ઉમરા ઝિયારત પ્રોગ્રામ

૧૦–૫–૨૦૧૪ : ૪૦ દિવસ

:::: આયોજક::::

હાજી માસૂમઅલી રસૂલભાઈ નાગલપરા (કેસીમ્પા)

મો. ૯૪૨૭૬ ૮૩૯૩૦ / ૯૫૭૪૭ ૬૮૪૨૯

ઓફિસ : ૦૨૭૬૧ ૨૨૩૦૬૩

હાજી ઈસ્માઈલભાઈ રસૂલભાઈ નાગલપરા (કેસીમ્પા)

મો. ૯૫૭૪૯ ૯૯૭૩૫ / ૯૯૦૯૬ ૭૬૯૫૩



આબિદઅલી 98793 97529
ગુલામઅલી 98798 52727

અમીટી ટ્રેડર્સ

UltraTech CEMENT The Engineer's Choice

Binani Industries Limited

ખીલાસરી, એંગલ, ચેનલ, પાટાપટ્ટી, લોખંડની પાઈપ, સિમેન્ટની વિવિધ ડિઝાઈનની જાળીઓ તમામ પ્રકારના થાંભલા નાની મોટી સિમેન્ટની ટાંકીઓ, બારી બારણાની ફ્રેમ, કોટાસ્ટોન, સિમેન્ટના પતરાં તથા ગેલ્વે પતરા, કપચી તેમજ મકાનના બાંધકામને લગતી તમામ આઈટમો છુટક તથા હોલસેલના વહેપારી.

ઉમરૂ ચાર રસ્તા, મકતબા જાફરીયાની સામે, કાકોશી રોડ, તા. સિધ્ધપુર.

# નહજુલ અસરાર

સંપાદક : મોલ્વી સૈયદ ગુલામહુસૈન રઝા

અનુવાદ : મો.કાસમભાઈ વિજાપુરા

## ખુત્બતુલ બયાન

(ગતાંકનું ચાલુ)

...હું એ છું કે જેની ઈતાઅત અલ્લાહે પોતાની મખ્લૂકમાંથી દરેક રૂહના માલિક અને દરેક શ્વાસ લેનાર પર ફરજ કરી છે. હું જ અવ્વલીન અને આખેરીનને (કયામતના દિવસે) ઉઠાવીશ. હું મારી તલવાર ઝુલ્ફિકારથી દુશ્મનોને કતલ કરું છું અને તેમની જિંદગીઓને આતિશે ગઝબથી સળગાવી દઉં છું. હું એ છું કે અલ્લાહે મને દીન ઉપર ગાલિબ કર્યો અને હું જાલિમોથી બદલો લેનારો છું. હું જ એ છું કે જેની તરફ તમામ ઉમ્મતોને દા'વત આપવામાં આવી છે જેથી મારી ઈતાઅત કરે. જેણે કુફ્ર કર્યું અને વિરોધ કર્યો તેનો ચહેરો વિકૃત થઈ ગયો. હું જ મુનાફિકોને રસૂલલ્લાહ (સ.)ના હૌઝે કૌસરથી નસાડી દઈશ. હું એ દરવાજો છું કે જેને અલ્લાહે પોતાના બંદાઓ માટે ખોલ્યો છે. જે એમાં દાખલ થયો તે અમનમાં રહેશે અને જે એમાંથી નીકળી ગયો તે કાફિર થઈ ગયો. હું એ છું કે જેના હાથમાં જન્નત અને જહન્નમની ચાવીઓ છે. હું એ છું જેણે અત્યાચારીઓની સાથે જિહાદ કરી કે જેમણે અલ્લાહના નૂરને હોલવી નાખવાની અને તેની હુજ્જતને બાતિલ કરવાની કોશિશ કરી હતી. આ કારણે અલ્લાહે ઈન્કાર કર્યો પરંતુ એ કે તેનું નૂર અને વિલાયત સંપૂર્ણ થઈ ગઈ. અલ્લાહે પોતાના નબી (સ.)ને કૌસરની નહેર અતા ફરમાવી અને મને આબે હયાત અતા ફરમાવ્યું. હું રસૂલલ્લાહ સલ્લલ્લાહો અલૈહે વ આલેહી વ સલ્લમની સાથે જમીન પર છું. પછી જેની ઈચ્છા કરી તેને અલ્લાહે મારો આરિફ (જાણભેદુ) બનાવી દીધો અને જેની ઈચ્છા કરી તેને ન બનાવ્યો. હું સબ્ઝી (અર્થાત મલકૂત)માં ઊભો છું જ્યાં રૂહો હરકત કરે છે અને મારા સિવાય કોઈ શ્વાસ લેવાવાળુ ન હતું. હું ખામોશ આલિમ છું. અને મોહંમદ (સ.) બોલવાવાળા આલિમ છે.

હું કર્ને ઊલા (શરૂઆતના યુગ)નો સાહેબ છું. મેં મૂસા (અ.)ને દરિયામાં બચાવ્યા અને ફિરઓનને ગરક કર્યો. હું યૌમે ઝલ્લતા અઝાબનો સાહેબ છું (કે જેને બની ઈસરાઈલ પર મોકલવામાં આવ્યો હતો). હું એ બધાયથી વધારે જાણનારો છું. હું જાનવરો અને પક્ષીઓની બોલીઓનો આલિમ છું. અલ્લાહની આયત (નિશાની), અલ્લાહની હુજ્જત (દલીલ) અને અલ્લાહનો અમીન છું. હું જીવિત કરું છું અને મારું છું. અને હું પેદા કરું છું અને રોજી આપું છું. હું સાંભળું છું અને દરેક વસ્તુનો આલિમ છું અને દરેક વસ્તુને જોઉં છું. હું એ છું કે જે સાતેય આસમાનો અને સાતેય જમીનોની આંખના એક પલકારામાં સૈર કરું છું. હું (કયામતમાં ફૂંકનારા)

નુફખએ અવ્વલ (પહેલો સૂર) અને નુફખએ સાની (બીજો સૂર) છું. હું ઝુલ્કરનૈન છું જેવું કે રસૂલે ખુદા (સ.)એ ફરમાવ્યું કે હું ઉમ્મતનો ઝુલ્કરનૈન છું. હું એ ઊંટડીનો સાહેબ છું કે જે સાલેહ નબી (અ.) માટે નીકળી હતી. હું એ છું કે જે સૂર ફૂંકીશ એ દિવસે કે જો કે કાફિરો ઉપર ખૂબ જ સખત હશે કે જેમાં બિલકુલ આસાની નહીં હશે. હું ઈસ્મે આઝમ છું કે જે કાફ–હે–યે–ઐન–સ્વાદ છે. હું એ છું કે જે ઈસાની જીભમાં પારણામાં બોલ્યો. હું એ છું કે જે યૂસુફ સદીકથી બાળપણની ભાષામાં બોલ્યો. હું એ છું કે જેના બરાબર કોઈ વસ્તુ નથી. હું અઝાબે આઝમ (મહાન અઝાબ) છું. (ખુદાના દુશ્મનો માટે). હું આખેરત અને ઊલામાં છું. તેમને ફરીથી ઉઠાડનારો અને હિસાબ કરવાવાળો, હું ઝૈતૂનની ડાળીઓમાંથી એક ડાળી છું કે જેની કસમ અલ્લાહે 'વત્તીન વ ઝૈતૂન' કહીને ખાધી છે. અને નબુવ્વતની કંદીલોમાંથી એક કંદીલ છું.

હું છું વસ્તુઓને જાહેર કરવાવાળો કે જેવી રીતે ઈચ્છું. હું છું એ કે જે બંદાઓના આમાલને જોઉં છું. આસમાન અને જમીનની કોઈ વસ્તુ મારાથી છૂપી નથી. હું છું હિદાયતનો ચિરાગ. હું ચિરાગદાન છું કે જેમાં મુસ્તફા (સ.)નું નૂર છે. હું એ છું કે જેની માઅરેફત વગર કોઈ અમલ કરનારાનો અમલ બેકાર છે. હું આસમાનો અને જમીનોની અજાયબ બાબતોનો ખજાનચી છું (કે બધા મારી કુદરતમાં છે). હું છું અદ્લને કાયમ કરવાવાળો. હું જમાનાનાં પરિવર્તનો અને દુર્ઘટનાઓનું ઈલ્મ ધરાવું છું. હું ચીવન્ટાઓ (એક પ્રકારના સૂક્ષ્મ જીવજંતુઓ)ની સંખ્યાઓનું ઈલ્મ ધરાવું છું અને તેમના વજન અને ભાષાથી પણ વાકેફ છું. અને પહાડોનાં કદ અને તેમનાં વજનને જાણું છું અને વરસાદનાં ટીપાંની સંખ્યાથી વાકેફ છું.

હું અલ્લાહની આયાતે કુબરા (મોટી નિશાનીઓ) છું કે જે તેણે ફિરઓનને બતાવી અને તેણે ગુના કર્યા. હું એ છું કે જેણે બે કિબ્લાઓ તરફ મોઢું કર્યું અને બે વખત જીવતા કરું છું. હું જ વસ્તુઓને જે રીતે ઈચ્છું છું જાહેર કરું છું. હું એ છું કે જેણે કુફ્ફારના ચહેરા પર મુઠ્ઠી ભરીને ખાક નાખી હતી ત્યાર પછી તે પાછા ચાલ્યા ગયા અને હલાક થઈ ગયા. હું એ છું કે જેની વિલાયતથી હજારો ઉમ્મતોએ ઈન્કાર કર્યો હતો તેથી અલ્લાહે તેમને વિકૃત બનાવી દીધા. હું એ છું કે જેનો ઝિક્ર જમાનાના પહેલાં કરવામાં આવ્યો અને આખરી જમાનામાં ખુરૂજ કરીશ. હું પહેલાં તો ફિરઓનની ગરદન તોડવાવાળો (તેમની સલ્તનતથી) કાઢવાવાળો અને આખેરીનને અઝાબ આપવાવાળો, હું છું જિબ્ત અને તાગૂતને અઝાબ આપવાવાળો અને સળગાવવાવાળો અને યઊક, યગૂસ અને નસ્રને અઝાબ આપવાવાળો કેમકે તેમણે ઘણા બધાઓને ગુમરાહ કર્યા. હું છું ૭૦ ભાષાઓમાં વાત કરવાવાળો અને દરેક વસ્તુને સિત્તેર રીતે ફતવો આપવાવાળો. હું જ કુરઆનની તાવીલથી આલિમ છું અને દરેક વસ્તુથી વાકેફ છું કે જેની ઉમ્મત મોહતાજ છે.

હું એ છું કે જે દરેક વસ્તુથી વાકેફ છે કે જે રાત દિવસ થતી રહે છે અને કયામત સુધી એક કાર્યના પછી બીજું કાર્ય બનશે અને એક વસ્તુ પછી બીજી વસ્તુ બનશે. હું એ છું કે જેની પાસે અલ્લાહનાં મહાન નામોમાંથી ૭૨ નામો છે. હું પૂર્વથી પશ્ચિમ સુધી (અલ્લાહના) સર્જનોના આમાલ જોઉં છું અને તેમની કોઈ વસ્તુ મારાથી

છૂપી નથી. હું છું કા'બા અને બૈતુલ હરામ અને બૈતુલ અતીક જેમકે અલ્લાહે ફરમાવ્યું છે કે તેથી આ ઘર (બૈત)ના રબની ઈબાદત કરું. હું એ છું કે જેને અલ્લાહ આંખના પલકારામાં પૂર્વથી લઈને પશ્ચિમ સુધી તમામ જમીનની સપાટીનો માલિક બનાવી દેશે. હું છું મોહંમદ મુસ્તફા (સ.) અને હું છું અલી મુર્તઝા જેવી રીતે કે રસૂલલ્લાહ (સ.)એ ફરમાવ્યું કે અલી (અ.) મારાથી જાહેર થયેલ છે. હું રૂહુલ કુદ્દુસનો પ્રશંસિત પામેલો. હું એ છું કે જેના પર કોઈ નામ અથવા શંકાનું ખુલી જવું નથી થતું હું હયાત વસ્તુઓને જેવી રીતે ઈચ્છું છું, જાહેર કરું છું. હું તેમના માટે બાબે હત્તા (અર્થાત નજાતનો દરવાજો) છું કે જે એમાં દાખલ થવા ઈચ્છે, સિવાય અલી અને અઝીમના ખુદાના કોઈ કુવ્વત નથી. અલ્લાહની રહેમત નાઝિલ થાય મોહંમદ (સ.) અને તેમની આલ ઉપર. તમામ હમ્દ અલ્લાહના માટે છે કે જે પાલનહાર છે સઘળા આલમોનો.

(બહરુલ મઆરિફ, સફા–૩૬૬)

**ગડમથલ નં.૨૫૯નો ઉકેલ**

**<u>આડી ચાવીઓ:</u>** (૧) ફિતરત (૪) હમવતન (૭) સામાન (૯) ફિદાઈ (૧૧) વાકઈ (૧૪) ચાહ (૧૫) લબ (૧૬) આફિયત (૧૭) લાત (૧૮) દલ (૧૯) રવાક (૨૧) અકરમ (૨૩) ખતર (૨૫) અતા (૨૬) આસમાન (૨૮) તશ્દીદ (૨૯) જાહિલ (૩૧) મસ્લેહત (૩૨) ચમન **<u>ઊભી ચાવીઓ:</u>** (૧) ફિલફિલ (૨) રસાઈ (૩) તમા (૫) વબા (૬) નસીહત (૮) નવાફિલ (૧૦) દાબ (૧૨) કઈ (૧૩) ઈતરત (૧૪) ચાલાક (૧૬) આદમ (૨૦) વારદાત (૨૨) કમુસ (૨૩) ખતા (૨૪) તશ્નાદહન (૨૬) આલમ (૨૭) નજાત (૩૦) લમ્હા


**અમદાવાદના મુસ્લીમ વિસ્તારમાં 2 BHK અને 3 BHK ફ્લેટની સ્કીમ**

AYMAN park
2 & 3 BHK Flats

**અયમન પાર્ક**

**N.A., N.O.C. અને**
**ટાઈટલ ક્લીયર**
**બે લીફ્ટની સુવિધા**
**વિશાળ પાર્કીંગ**
**ચીલ્ડ્રન પ્લે એરીયા**
**સીનીયર સીટીઝન સીટીંગ**



**હસનઅલી એચ. પટાવટ**
**૯૮૨૫૯ ૦૫૫૪૩**

**જી. કે. પટાવટ**
**૯૮૨૫૦ ૪૫૨૫૩**

**મયસમઅલી હોલ્ડા**
**૯૯૦૯૯ ૪૧૪૨૯**

**અનીક હોમ્સની બાજુમાં, ૧૦૦ ફુટ રીંગ રોડ, ટી.પી. સ્કીમ નં. ૮૫, સરખેજ રોડ, અમદાવાદ.**



# મીર અનીસના મરસિયા

મરસિયા—૨

مرثیہ-۲

**જનાબે ઝૈનબ (અ.)ના ફરઝંદો : ઔન (અ.) અને મોહંમદ (અ.)ની શહાદત**

**جنگ و شہادت عونؑ و محمدؑ پسرانِ حضرتِ زینبؑ**

جھک جھک کے بجالائے جو وہ آخری آداب
دروازے تلک ساتھ گئی مضطر و بیتاب
اس وقت تو زینبؑ کی بھی آنکھیں ہوئیں پُرآب
گھوڑوں پہ چڑھے دونوں سجے جنگ کے اسباب
چلّائی یہ مادر کہ خدا حافظ و ناصر
بولے وہ دلاور کہ خدا حافظ و ناصر

૧૫
**ઝુક ઝુક કે બજા લાયે જો વો આખરી આદાબ**
**દરવાઝે તલક સાથ ગઈ મુઝતરો બેતાબ**
**ઉસ વકત તો ઝૈનબ કી ભી આંખેં હુઈં પુરઆબ**
**ઘોળોં પે ચળ્હે દોનોં, સજે જંગ કે અસબાબ**
**ચિલ્લાઈ યે માદર કે ખુદા હાફિઝો નાસિર**
**બોલે વો દિલાવર કે ખુદા હાફિઝો નાસિર**

(બન્ને ભાઈઓ માતાની આગળ ઝુકી ઝુકીને છેલ્લી સલામ બજાવી લાવ્યા. એ વખતે તો બીબી ઝૈનબ(અ.)ની આંખો પાણીથી ભરાઈ ગઈ. દુ:ખી અને વ્યાકુળ ઝૈનબ (અ.) ખૈમાના દરવાજા સુધી તેમની સાથે ગયાં. બન્ને ભાઈઓ ઘોડાઓ પર સવાર થઈ ગયા અને જંગનો સામાન સજી લીધો. મા બાળકો તરફ બૂમ પાડીને કહેવા લાગી, ખુદા હાફિઝો નાસિર, અલ્લાહ તમારી હિફાઝત અને મદદ કરે.) તે બન્ને દિલાવર પણ બોલી ઉઠ્યા કે ખુદા હાફિઝો નાસિર !)

جنگاہ میں گھوڑوں کو اُڑاتے ہوئے آئے
نیزوں کو دلیرانہ ہلاتے ہوئے آئے
شان اپنی سواری کی دکھاتے ہوئے آئے
ایمان سوئے کفر بتاتے ہوئے آئے
لرزہ تھا شجاعوں کو دلیروں کی نظر سے
تکتے تھے صفِ فوج کو شیروں کی نظر سے

૧૬
**જંગાહ મેં ઘોળોં કો ઉળાતે હૂએ આયે**
**નેઝોં કો દિલેરાના હિલાતે હૂએ આયે**
**શાન અપની સવારી કી દિખાતે હૂએ આયે**
**ઈમાન સૂએ કુફ્ર બતાતે હૂએ આયે**

**લર્ઝાં થા શુજાઓં કો દિલેરોં કી નઝર સે**

**તકતે થે સફે ફોજ કો શે'રોં કી નઝર સે**

(ઔનો મોહંમદ જંગના મેદાનમાં ઘોડાઓને ઉડાડતા ઉડાડતા આવ્યા. પોતાની સવારીની શાન બતાવતા બતાવતા આવ્યા. શૂરવીરતાપૂર્વક પોતાના ભાલા હલાવતા હલાવતા આવ્યા, કુફ્રની તરફ ઈમાન બતાવતા બતાવતા આવ્યા. આ શૂરવીરો ઉપર નજર પડતાં જ બહાદુરો ધ્રુજી રહ્યા હતા. બન્ને ભાઈઓ શેરોની નજરથી દુશ્મનોની સફો તરફ તાકતા હતા.)

دو شیر چلے جاتے تھے اس فوج کو رولے    کیا منہ تھا کہ دم مارے کوئی یا کوئی بولے

سب پیچھے ہٹے جاتے تھے تلواروں کو تولے    سدھ تھی نہ کسی کو کہ سر پشت سے کھولے

غالب ہُوا رعب ان کا ہر اک تیغ بکف پر

جس صف پہ گرے یہ وہ گری دوسری صف پر

**દો શેર ચલે જાતે થે ઈસ ફોજ કો રોલે    ક્યા મુંહ થા કે દમ મારે કોઈ યા કોઈ બોલે**

૧૭

**સબ પીછે હટે જાતે થે તલવારોં કો તોલે    સુધ થી ન કિસી કો કે સર પુશ્તસે ખોલે**

**ગાલિબ હુવા રોબ ઉનકા હર એક તેગે બકફ પર**

**જિસ સફ પે ગિરે યે વો ગિરી દૂસરી સફ પર**

(દુશ્મનોની આ ફોજને ધમરોળી નાખતા નાખતા આ બન્ને શેર ચાલ્યા જતા હતા. એમનાં ડાચાં એવાં ક્યાં હતાં કે તેમની આગળ કોઈ બોલે કે દમ મારે ? બધા દુશ્મનો તલવારો હાથમાં રાખીને પીછેહઠ કર્યે જતા હતા. કોઈનામાં એવી સુધબુધ ન હતી કે પાછળથી માથાં ખોલે. દુશ્મનોએ હાથમાં પકડેલી દરેક તલવાર પર આ બન્ને ભાઈઓનો રોબ છવાઈ ગયો. બન્ને ભાઈ જે સફ ઉપર તૂટી પડતા હતા તો તે આખી સફ બીજી સફ પર પડી જતી હતી.)

بھاگڑ تھی سواروں میں پسے جاتے تھے پیدل    تلواروں سے پھٹ پھٹ گیا تھا ڈھالوں کا بادل

جس غول پہ وہ شیر چلے پڑ گئی ہل چل    دُونی تھی ہر حملے میں رہواروں کی چھل بل

بجلی کی تڑپ فوج میں دکھلا تے تھے دونوں

ہر غول پہ پرکار سے پھر جاتے تھے دونوں

**ભાગળ થી સવારોં મેં પિસે જાતે થે પૈદલ    તલવારોં સે ફટ ફટ ગયા થા ઢાલોં કા બાદલ**

૧૮

**જિસ ગોલ પે વો શેર ચલે પળ ગઈ હલચલ    દૂની થી હર હમ્લે મેં રેહવારોં કી છલબલ**

**બિજલી કી તળપ ફોજ મેં દિખલાતે થે દોનોં**

**હર ગોલ પે પરકારસે ફિર જાતે થે દોનોં**

(સવારોમાં એવી ભગદળ મચી ગઈ હતી કે પાયદળ સૈનિકો કચડાઈ જતા હતા. તલવારોથી ઢાલોનાં વાદળાં ફાટી

ગયાં હતાં. જે વર્તુળ (કુંડાળા)માં આ બન્ને શેર જતા હતા ત્યાં હલચલ મચી જતી હતી. દરેક હુમલામાં ઘોડે સવારોની ચાલાકી બમણી હતી. બન્ને જણા વીજળીની ઝડપ દેખાડતા હતા. દરેક કુંડાળા ઉપર બન્ને જણા પરકારની માફક ફરી જતા હતા.)

تلواروں سے پرزے تھیں سیہ کاروں کی ڈھالیں　　　سب کہتے تھے خود سنبھلیں کہ ہتھیار سنبھالیں

ناگن کی طرح ڈستی ہیں ان نیزوں کی بھالیں　　　فرست نہیں ترکش سے جو تیروں کو نکالیں

بھاگیں تو کسی گوشے میں جانا نہیں ملتا

سوفاروں سے چلّوں کو ملانا نہیں ملتا

**તલવારોં સે પુર્ઝે થીં સિયહકારોં કી ઢાલેં　　　સબ કહેતે થે ખૂદ સંભલેં કે હથિયાર સંભાલેં**

૧૯

**નાગિન કી તરહ ડસતી હૈં ઉન નેઝોંકી ભાલેં　　　ફુર્સત નહીં તરકશસે જો તીરોંકો નિકાલેં**

**ભાગેં તો કિસી ગોશેમેં જાના નહીં મિલતા**

**સોફારોં સે ચિલ્લૂકો મિલાના નહીં મિલતા**

(ઔનો મોહંમદની તલવારોથી બદકારોની ઢાલો ટુકડે ટુકડા હતી. બધા એવું કહેતા હતા કે હથિયારોને સંભાળીએ કે પોતાની જાતને સંભાળીએ ? તેમના નેઝાઓના ભાલા તો નાગણની માફક ડસે છે. ફુરસદ જ મળતી નથી કે તીરોના ભાથામાંથી તીરોને બહાર કાઢીએ. નાસી જઈએ પરંતુ કોઈ ખૂણામાં જગ્યા મળતી નથી. તીરોને હાથની મૂઠીથી મળવાનું પણ થતું નથી.)


પીરો મુરશિદની દુઆથી અને મોમિન ભાઈ બહેનોના સહકારથી ૧૫ વર્ષથી ટૂર્સનું આયોજન ચાલુ છે.

**અમીન ટૂર્સ**

**હજ - ઉમરા - ઝિયારત**

**આયોજક**

હાજી ગુલામમોહંમદ રસૂલભાઈ ધરખડ (બાદરપુર)

**હજ માટે તેના સમય પ્રમાણે**

ઓફિસ - ૦૨૭૬૧ ૨૯૨૨૪૭

મો - ૯૯૭૯૦ ૨૮૫૩૦

મો - ૯૭૨૪૧ ૨૯૬૯૪

ફેબ્રુ - ૨૦૧૪, માર્ચ - ૨૦૧૪, મે - ૨૦૧૪, જૂન - ૨૦૧૪

**નહીં નફો કે નહીં નુકસાનના હેતુથી કાશ્મીર ટૂરનું આયોજન કરેલ છે.**

**(ફક્ત શીઆ જાફરી મશાયખી મોમિન જમાઅત માટે)**

**પ્રવાસના દિવસો : ૧૨ થી ૧૪**

**ઉપડવાની તારીખ : ૧-૦૪-૨૦૧૪**

**પેસેન્જરની સંખ્યા : ૫૦**

પ્રવાસના સ્થળો : નગોર, ગંગાનગર, વાઘા બોર્ડર, જમ્મુ, શ્રીનગર, શરહિન્દ શરીફ, પાણીપત, દિલ્હી, આગ્રા, જયપુર, અજમેર, ફતેપુર સિકરી

**::::: વધુ વિગત માટે સંપર્ક કરો :::::**

આબિદહુસૈન વાય. મસી (કિશોરગઢવાળા)

મો.૯૪૨૮૬ ૪૩૯૫૨

ગાલિબઅલી એચ. ખાણશિયા (કિશોરગઢવાળા)

મો.૮૧૨૮૩ ૬૨૨૮૦

ગુલામહૈદર એન. ડોડીયા (કેસરપુરાવાળા)

મો.૯૩૭૬૪ ૧૨૭૯૯


Contact: 9898884893,9712906429


DAY BREAK
GTC Leaf
HEARTY MART



હાર્ટીમાર્ટ
ગુડ ટાઇમ
મરચુ-હળદર-ધાણા જીરૂ-ધાણા પાવડર
Perfect Blend Of
Natural Purity
& Freshness
GOOD TIME
CHILLI POWDER
GOOD TIME
CORIANDER POWDER
GOOD TIME
TURMERIC POWDER
GOOD TIME
CORIANDER-CUMIN POWDER
બનાવે આપનો
દરેક ટાઇમ...
ગુડટાઇમ
www.heartymart.com



કવર પેજ નં.૨ નું અનુસંધાન

# ચોખા

ઈમામ જાફર સાદિક (અ.)એ ધીરજપૂર્વક ફરમાવ્યું કે 'હા, અય મુફઝ્ઝલ, મારા પિતાએ અને દાદાઓએ તે વિષે વાત કરેલી છે, એટલે સુધી કે ખુદ રસૂલલ્લાહ (સ.)એ તે વિષે કહેલું છે. આપ (સ.) ફરમાવી ગયા છે કે 'અમારૂં નૂર જે આદમ (અ.)ના પહેલાં (૭૦૦૦ વર્ષ પૂર્વે) અસ્તિત્વમાં હતું અને ખુદાની બંદગીમાં રહેતું હતું. તેમાંની અસરો જિબ્રઈલ (અ.) દ્વારા જમીન પર ઉતરેલી હતી અને તે અસરોમાંથી જ ચાવલનો પાક થયેલો ગણાય છે. અય મુફઝ્ઝલ ! નબી (સ.)ના આ ફરમાન મુજબ ચાવલને અલ્લાહ તઆલાએ અમારા નૂરમાંથી પેદા કર્યા છે. તે નૂરની અને તે નૂરથી સંબંધ ધરાવતી ચીજોની શાન એવી છે કે તેના લીધે સાધારણ માનવી મોમિન બની જાય. મોમિન હોય તો તે આલિમ બની જાય, આલિમ હોય તો પરહેઝગાર થઈ જાય.'

ઈમામ સાદિક (અ.)એ વધુમાં ફરમાવ્યું કે અય મુફઝ્ઝલ ! ચાવલ ખાવાની આદત રાખજો કે તે અમારા શીઆઓના પેટમાં શિફાનું કામ આપે છે, અને અમારા દુશ્મનોના પેટમાં દર્દ બની જાય છે.

ઈમામ સાદિક (અ.)નું ફરમાન છે. મુફઝ્ઝલ તેને અજબ શાનથી રજૂ કરે છે. ચાવલ અને ખાસ કરીને સાકર સાથે ચાવલ એટલે કે મીઠા ચોખા કે ઝર્દો જે કહો તેની મહત્તા તેમાંથી તરી આવે છે.

અમુક શીઆ સમાજમાં શુકરા (મીઠા ચાવલ કે ઝર્દો)નું દરેક ખુશીના નાના મોટા જમણોમાં અવશ્ય સ્થાન હોય છે, જેને ઘણું જ મુબારક શુકનવંતુ ગણવામાં આવે છે. ચાવલ સાથે ખાંડ કે સાકર, ઘી સાથે કોઈ વાર મગજતરી, નાળિયેર, સૂકો મેવો, વગેરે નાખવામાં આવે છે. કેટલીક જગ્યાએ રજબ મહિનામાં ખાસ શુકરાનાનો રોઝો રાખવામાં આવે છે. તેમાં અમીરુલ મોમિનીન (અ.)ની પેદાઈશની ખુશીની નિયાઝનો હેતુ હોય છે.

ચાવલ, ખરેખર એક નિર્દોષ ખોરાક છે. તે લગભગ એશિયાની દરેક કોમમાં મુબારક ગણાયેલું અનાજ છે. ગમી કે ખુશીના મોકા પર દૂધમાં ચાવલ પકાવીને (ખીર રૂપે) વપરાય છે. રસૂલલ્લાહ (સ.) ને મેઅરાજમાં જે વાનગી પેશ કરવામાં આવી હતી તે પણ ચાવલની હોવાનું કહેવામાં આવે છે.

ઈમામ જાફર સાદિક (અ.)એ ફરમાવ્યું છે કે, ઝાડાના ઈલાજ તરીકે થોડા ચાવલ ધોઈને છાંયડામાં સૂકવવા પછી તેને આગ પર શેકવા અને ખાંડી નાખવા. પછી નરણાકોઠે એક મૂઠીભર ખાઈ લેવા.

આપ (અ.) ક્ષયના રોગી માટે ચાવલ અને જવ ભેળવીને બનાવેલી રોટલીને ઘણો ઉત્તમ ઈલાજ બતાવ્યો છે.

**ઘટકો :** ચાવલનો આકાર અરબી 'અલિફ' જેવો છે. ચાવલ ઉપરનું પડ (ફોતરી) નીકળી જતાં ચાવલનો દાણો ધોળો દૂધ જેવો નીકળી આવે છે. અનાજમાં કોઈ પણ બીજી ચીજને આવો રંગ નસીબ થયો નથી. હાથથી છડેલા ચોખા, મીલના છડેલા ચોખા, વગેરેમાં કેલરિનો તફાવત નજીવો છે. ૧૦૦ ગ્રામ હાથછડના બાફેલા ચાવલમાં ૩૪૯ કેલરિ છે. ભેજ ૨.૬ ટકા, પ્રોટીન ૬.૪

ટકા, ચરબી ૦.૬ ટકા, કાર્બોદિત ૭૭.૪ ટકા, ખનિજ ક્ષારો ૦.૯ ટકા, કેલ્શિયમ ૯ મી.ગ્રામ ફોસ્ફરસ ૨૮૦ મિ ગ્રામ, આર્યન ૨.૮ ટકા, કેરોટીન ૯ મી.ગ્રામ, વિટામીન બીમાં થાયમીન, રિબો ફલેવીન, નિરોસીન, વગેરે છે. ચાવલના પડમાં મળતું તત્ત્વ ચમત્કારી છે. જે ઘઉંમાં કે અન્ય કોઈ પણ અનાજમાં મળતું નથી. આમ લેસીથીન નામનું તત્ત્વ લોહીમાંના કોલેસ્ટ્રોલને નિયંત્રણમાં રાખે છે. પેટના ગેસ ટ્રબલ અને લીવર માટે ખૂબ ઉપયોગી છે. ચાવલના ભૂરા પડમાંથી પ્રાપ્ત 'ટોકોટ્રાઈનોલ' શરીરની રોગપ્રતિકારક શક્તિ વધારે છે.

ચાવલના ઉપરી પડમાંથી મળતું 'ઓઈલ બ્રાન' હ્દયરોગમાં અક્સીર પુરવાર થયું છે. અમેરિકન હાર્ટ એસોસીએશન દ્વારા પ્રમાણિત પદાર્થો સાથે તેનો સુભગ સુમેળ થાય છે. વળી જાપાન તો બે ડગલાં આગળ વધીને તેને હાર્ટ ઓઈલ કહીને સન્માને છે. ઘઉં કરતાં ચાવલમાં પ્રોટીન ઓછું છે. પરંતુ એની 'બાયોલોજીકલ વેલ્યુ' એટલે કે પચનીયતા વધારે સારી છે.

ચાવલમાં ચરબી ઓછી છે પરંતુ એમાં લિનોલીક એસીડ (essential fatty)નું પ્રમાણ સારું છે. લીનોલિક એસીડ આપણું શરીર ઉત્પન્ન કરી શક્તું નથી એટલે કે આહાર મારફતે જ મળવું જોઈએ.

(ડો. જુડી માસ્કોવીટઝનુ 'રાઈસ ડાયેટ', ડો. ગેબ માર્ટિનનુ 'ગેટીંગથીન')

ભારતીય વિદ્યા ભવન - જુહુ (મુંબઈ) દ્વારા 'બાળકોમાં મધુપ્રમેહ (ડાયાબિટીઝ)' નામે પુસ્તિકા એટલે કે W.H.O. વિશ્વ આરોગ્ય સંસ્થામાં ખ્યાતિ ધરાવતા મુંબઈના પાંચ તબીબોએ લખેલી છે, તેમના લખ્યા મુજબ 'ઘઉં' કરતાં ચોખા વધારે સારા છે. કારણે કે ઘઉંમાં ૪ ટકા ચરબી છે. ઘઉંની ભાખરી, રોટલી બનાવીને ખવાય. ચોખા બાફીને ખવાય. ૧૫ ગ્રામ ઘઉંની રોટલી ૧૫ ગ્રામ થાય, ત્યારે ચોખા ૪૫ ગ્રામ થાય. આથી ઘઉં કરતા ચોખાથી પેટ વધુ ભરાય. વળી ચોખા ખાવાથી ડાયાબિટીઝનો કાબૂ બગડતો નથી. ચોખા ન ખાવાથી ડાયાબિટીઝનો કાબૂ સુધરતો નથી. ચોખા ખાવાથી ચરબી વધતી નથી અને વજન વધતું નથી.'

ચોખા અંગે આવાં મંતવ્યો અવારનવાર બહાર પડ્યાં છે, પરંતુ આટલી જોરદાર રજૂઆત આજ સુધી કોઈએ કરી નથી. રોગો તો ઠીક પણ ગેસ ટ્રબલ માટે ઘઉં કરતાં ચોખા વધારે સારા છે. એટલે ગેસ મટાડવો જ હશે તો ઘઉં છોડીને ચોખાનો ઉપયોગ કરવાની ખાસ ભલામણ છે. પંદર દિવસ પ્રયોગ કરીને ખાતરી કરી જોજો. સુંદર મજાનું પરિણામ જણાઈ આવશે. બોઈલ્ડ રાઈસ જેને પાકા ચોખા અથવા તેલિયા ચોખા કહે છે આ ચોખા કરતાં કાચા ચોખા પચવામાં જલ્દી હજમ થાય છે.


## ફ્લેટ વેચવાનો છે.

મોહંમદીમાં

જુહાપુરા (સરખેજ)

મો. ૯૭૧૨૯૩૭૦૭૨

Life Line
Surgicare
care for Life

હિંમતનગર ખાતે શુભારંભ...

# લાઇફ લાઇન સર્જીકેર

એન્ડોસ્કોપી અને લેપ્રોસ્કોપી હોસ્પિટલ

## ડૉ. આબિદઅલી એમ. ખણુસીયા

એમ.અસ (સર્જન)
એન્ડોસ્કોપીસ્ટ અને લેપ્રોસ્કોપીસ્ટ
કન્સલ્ટન્ટ સર્જન

ડીપ્લોમા ઇન મિનીમલ એક્સેસ સર્જરી, વર્લ્ડ લેપ્રોસ્કોપી હોસ્પિટલ, ગુડગૉંવ
ફેલોશીપ ઇન લેપ્રોસ્કોપી, મેકસ હોસ્પિટલ, દિલ્લી
ફેલોશીપ ઇન એન્ડોસ્કોપી, ઇન્સ્ટીટયુટ ઓફ એડવાન્સ એન્ડોસ્કોપી, મુંબઇ

**: ઉપલબ્ધ સુવિધાઓ :**

- અત્યાધુનિક ટેકનોલોજીથી સુસજ્જ ઓપરેશન થીયેટર
- અન્નનળી, જઠર અને આંતરડાની બિમારીઓ (ગેસ અને એસીડીટી) ની સારવાર
- લાંબા સમયની કબજીયાત અને કોઇ પણ પ્રકારના વધુ પડતા ઝાડાના નિદાન માટે એન્ડોસ્કોપીની સુવિધા (દૂરબીનથી તપાસ)
- પિત્તાશય, એપેન્ડીક્સ અને અન્ય રોગોની સારવાર માટે લેપ્રોસ્કોપીથી(દુરબીનથી) ઓપરેશનની સુવિધા
- સારણગાંઠ, હાઇડ્રોસીલ, થાઇરોઇડ અને સ્તન ને લગતા રોગોની સારવાર
- કેન્સર ને લગતા રોગોનું નિદાન અને સારવાર
- પ્રોસ્ટેટ ગ્રંથી, પથરી, પેશાબને લગતા રોગોના સારવારની સુવિધા
- ફેફસાની બિમારીઓ માટે જરૂર પડે તો છાતીમાં નળી નાખવાની સુવિધા (ICD)
- ખત્ના (સુન્નત), બાળકોને થતા સારણગાંઠ ના ઓપરેશન ની સુવિધા

ડો. ગોપલાણીના હોસ્પિટલની ઉપર, આરોગ્યનગર, હિંમતનગર-૩૮૩ ૦૦૧.
ફોન : (૦૨૭૭૨) ૨૪૦૪૨૯, મો. ૯૯૦૯૯૩૦૪૨૯

હલ્કા ઈર્ફાને અહલેબૈત, મક્તબા જાફરીયા

# ખુત્બો : ગીબત વિષે

૧૩

પ્રસ્તુતકર્તા : મોલ્વી રહીમભાઈ મોમજીભાઈ સાઠીયા (કેસીમ્પાવાળા)

بِسۡمِ اللّٰہِ الرَّحۡمٰنِ الرَّحِیۡمِ

اَلۡحَمۡدُ لِلّٰہِ رَبِّ الۡعَالَمِیۡنَ وَالصَّلَاۃُ وَالسَّلَامُ عَلٰی مُحَمَّدٍ وَّاٰلِہِ الطَّیِّبِیۡنَ

અલ્લાહ તઆલા કુરઆને મજીદમાં ફરમાવે છે : (સૂરા હોજોરાત, આયત-૧૨)

بِسۡمِ اللّٰہِ الرَّحۡمٰنِ الرَّحِیۡمِ

یٰۤاَیُّهَا الَّذِیۡنَ اٰمَنُوا اجۡتَنِبُوۡا كَثِیۡرًا مِّنَ الظَّنِّ ۫ اِنَّ بَعۡضَ الظَّنِّ اِثۡمٌ وَّلَا تَجَسَّسُوۡا وَلَا یَغۡتَبۡ بَّعۡضُكُمۡ بَعۡضًا ؕ اَیُحِبُّ اَحَدُكُمۡ اَنۡ یَّاۡكُلَ لَحۡمَ اَخِیۡهِ مَیۡتًا فَكَرِهۡتُمُوۡهُ ؕ وَاتَّقُوا اللّٰهَ ؕ اِنَّ اللّٰهَ تَوَّابٌ رَّحِیۡمٌ ﴿۱۲﴾

*(અય ઈમાન લાવનારાઓ ! વધારે શંકા ન કરો. ખરેખર કેટલીક શંકાઓ ગુનો છે અને જાસૂસી ન કરો. અને એકબીજાની ગીબત ન કરો. શું તમારામાંથી કોઈને એ સારું લાગશે કે તે પોતાના મરેલા ભાઈનું માંસ ખાય ? એને તો તમે તિરસ્કારપાત્ર ગણો છો અને અલ્લાહથી ડરતા રહો, બેશક અલ્લાહ તોબા કબૂલ કરનાર અને મહા દયાળુ છે.)*

આ આયતથી આપણે એ જાણવાનો પ્રયત્ન કરીએ કે ગીબત કરવાથી શું નુકસાન થાય છે. અત્યાર સુધી જે થયું છે તેની તોબા કરી લઈએ અને ભવિષ્યમાં એવું ન કરીએ. અલ્લાહના આ હુકમો સાંભળ્યા પછી પણ ઉપરના ગુનાઓથી તોબા ન કરીએ તો સાચા અર્થમાં આપણે ગુનેગાર ઠરીશું. કોઈના માટે બૂરું ગુમાન કરવું તેમજ કોઈનો ભેદ જાણવાની કોશિશ કરવી અને કોઈની નિંદા કરવી કોઈ પણ રીતે યોગ્ય કાર્ય નથી, પરંતુ જેમાં દીનનો ફાયદો સમાયેલો હોય અને પોતાનો અંગત સ્વાર્થ કંઈ જ ન હોય ત્યાં તે યોગ્ય છે. ગીબત એટલે શું ? કોઈની વાત તેની ગેરહાજરીમાં એવી રીતે કરવી કે જો તે સાંભળે તો તેને ખરાબ લાગે એનું નામ જ ગીબત. પરંતુ સામેના માણસમાં જે બાબત જ ન હોય તેના વિષે કંઈ કહેવું એ ગીબત નથી, પરંતુ તોહમત છે કે જેનો ગુનો ગીબત કરતાં પણ વધારે છે.

ઉપરની આયત મુજબ ગીબત કરવી એટલે પોતાના મરેલા ભાઈનું માંસ ખાવું. જેવી રીતે મરેલા માણસ સાથે જે વર્તણૂક થાય છે તેની તેને ખબર હોતી નથી, તેવી જ રીતે જેની નિંદા થતી હોય તે માણસ જાણતો નથી કે ગીબત કરનારે તેની શું નિંદા કરી છે. વળી ઈસ્લામમાં માણસનું માંસ ખાવું અને કોઈની એબ જોવી પણ હરામ છે. જેવી રીતે માંસ કાપવું જીવતા માણસ માટે દુઃખદાયી હોય છે તે જ પ્રમાણે કોઈની

એબ ખોલવી પણ દુઃખદાયક છે, માટે એ મહાન ગુનાથી દૂર રહેવું જોઈએ.

ગીબત માણસના ઈમાન ઉપર શું અસર કરે છે તે વિષેની એક હદીસ જોઈએ :

રસૂલલ્લાહ (સ.)એ ફરમાવ્યું, "વાગેલો જખમ શરીરના અંદરના ભાગને જેટલો ઝડપથી કોરી ખાય છે તેના કરતાં તો ગીબત માણસના ઈમાનને વધારે કોરી ખાય છે." (અલ કાફી ભાગ-૨, પેજ-૩૫૭)

ઉપરોક્ત હદીસથી જાણવા મળે છે કે કોઈની ગીબત કરવાથી તે ઈમાનને નુકસાન પહોંચાડે છે અને આવા બૂરા કામથી આપણે દૂર રહેવું જોઈએ.

ગીબત અને તોહમત હરામ શા માટે છે ?

ગીબત અને તોહમત એટલા માટે હરામ છે કે તેમના કારણે લોકો બદનામ થાય છે અને તેમનું ચરિત્રહનન થાય છે. તમે જો લોકોની વચ્ચે કોઈના વિષે ખોટી વાત કરો તો લોકો તે માણસ વિષે ખોટું વિચારતા થઈ જાય છે.

એક અન્ય કારણ કે જેના લીધે ગીબત અને તોહમત હરામ છે તે એ છે કે જેમની ગીબત થઈ રહી છે તેવા લોકો પોતાનો બચાવ કરવા માટે હાજર હોતા નથી. જો તમે કોઈના વિષે ખોટી વાતો સાંભળો તો તેમને માની લેતાં પહેલાં તે માણસને પોતાનો બચાવ કરવાનો મોકો પણ આપો.

હદીસમાં છે કે "ગીબત કરનાર (પોતાના તે ગુનાની) તોબા કરી લે તો પણ જન્નતમાં તો તે સૌથી છેલ્લો દાખલ થશે અને જો તે તોબા કર્યા વગર મરી જશે તો જહન્નમમાં સૌથી પહેલાં દાખલ થશે.

ગીબત વ્યક્તિ ઉપર કેવી ઝડપથી અસર કરે છે તે અંગેની એક હદીસ જોઈએ :

રસૂલે ખુદા (સ.) ફરમાવે છે કે, "માણસના શરીરમાં કોઢની બીમારી ફેલાઈ જાય છે તેના કરતાં વધારે ઝડપથી ગીબત માણસના દીન ઉપર અસરકર્તા બને છે." (ઉસૂલે કાફી,ભાગ-૨, પેજ-૩૫૭)

આ હદીસનો મતલબ એ છે કે કોઢ જ્યારે ફેલાય છે તો તેની માણસને જાણ પણ થતી નથી બસ, તેવી જ રીતે ગીબત તેનાથી વધારે પ્રમાણમાં ઝડપથી પ્રસરી જાય છે. ગીબત કરવી દરેક મુસલમાન માટે હરામ છે. એ વાતમાં કોઈ સંદેહ નથી કે ગીબત નેકીઓને એવી રીતે ખાઈ જાય છે કે જેવી રીતે આગ લાકડાને ખાઈ જાય છે.

મોમિનીન અને મોમિનાત ! બીજાના એબ જોવામાં માણસે કેટલું બધું ગુમાવવાનું છે ! એક હદીસમાં છે કે, "કયામતના દિવસે જ્યારે કેટલાક બંદાઓના હાથમાં આમાલનામું મૂકવામાં આવશે ત્યારે તે માણસો તેમનું આમાલનામું કોરું જોઈને કહેશે, આ મારું આમાલનામું નથી. મેં અમુક નેકીઓ કરી હતી તે અહીં નોંધેલી દેખાતી જ નથી. ત્યારે તેને કહેવામાં આવશે કે અય બંદા ! તારો પરવરદિગાર ભૂલ નથી કરતો. તેં બેશક એ નેક અમલો તો કર્યાં જ હતા, પણ તેં જેમની ગીબત કરી તેમને આપી દેવાયા છે. બીજા એક બંદાના હાથમાં આમાલનામું આપવામાં આવશે તો એ કહેશે કે આ આમાલનામું મારું નથી લાગતું, એમાં કેટલીક એવી નેકીઓ નોંધાયેલી છે કે જે મેં કરી જ નથી. જવાબ મળશે, ફલાણા શખ્સે તારી ગીબત કરી તેના બદલામાં તેના અમલની નેકીઓ તારા આમાલનામામાં નોંધવામાં આવી છે. (ઈર્શાદાતે રસૂલ, પાના-૨૪૭)

કોઈ મોમિન ભાઈની ગીબત થઈ રહી હોય તો આપણે શું કરવું જોઈએ તે અંગેની એક હદીસ જોઈએ:

રસૂલે ખુદા (સ.)એ ફરમાવ્યું, "જો કોઈ બેઠકમાં કોઈ મોમિન ભાઈની ગીબત થઈ રહી હોય અને કોઈ માણસ પોતાના મોમિન ભાઈના એબને ખૂબી તરીકે જાહેર કરીને તેની સાથે નેકી કરે અને તેની તરફેણ કરે તો ખુદા દુનિયા અને આખેરતમાં હજારો પ્રકારની બૂરાઈઓ અને નુકસાન તેનાથી દૂર કરશે અને જો તે માણસ (પોતાનાથી) શકય હોવા છતાં ગીબત (ની વાત)ને રદિયો ન આપે તો તેના ગુના ગીબત કરનારના ગુના કરતાં ૭૦ ગણા વધારે ગણાશે."

આ હદીસથી આપણને બન્ને પાસાં દેખાઈ રહ્યાં છે કે જે બીજા પ્રત્યે સારા અખ્લાકનાં પણ છે અને ખરાબ વિચારનાં પણ, તો જેના જેવા વિચાર છે તેવો બદલો અલ્લાહ આપે છે એટલે જ્યારે આપણે કોઈનાથી વાત કરીએ તો પણ વિચાર કરીને અથવા કોઈ બીજા સાથે ઊભેલા હોઈએ અને ત્યાં કોઈની ગીબત થતી હોય તો આપણું ત્યાં ઊભું રહેવું યોગ્ય છે કે નહીં તે પોતે વિચાર કરવાનો છે. કોઈ વાતને બેપરવાહીથી ન લેવી જોઈએ. મતલબ કે કોઈની ગીબત થતી હોય તો આપણે તેને રોકવો જોઈએ અને ન માને તો ત્યાંથી આપણે ઊભા થઈને ચાલ્યું જવું બહેતર છે.

ઈમામ જાફર સાદિક (અ.)એ ફરમાવ્યું છે કે, "અય લોકો ! ખુદાથી ડરો અને એકબીજા પર ઈર્ષા ન કરો." આગળ આપે ફરમાવ્યું કે, "કુફ્રના ઉસૂલ ત્રણ છે; (૧) પોતાની જાતને મોટી સમજવી, (૨) નિંદા કરવી અને (૩) કોઈની ઈર્ષા કરવી.

મોમિનીન અને મોમિનાત ! આપણે અલ્લાહના બંદા છીએ અને અશરફુલ મખ્લૂકાતમાંથી છીએ. આપણે અલ્લાહ તથા તેના રસૂલ (સ.) અને અઈમ્મા (અ.)ને તથા કુરઆન શરીફને માનવાવાળા છીએ, તો આપણે કુરઆન અને હદીસ ઉપર અમલ કરવો જોઈએ અને ઈર્ષા, અદેખાઈ, નિંદા અને ગીબત જેવાં હરામ કાર્યોથી દૂર રહેવું જોઈએ. આ બાબત સમજવા માટે આપણે એક દ્રષ્ટાંત સાંભળીએ.

એક ખેડૂતે પોતાના ખેતરમાં લીમડાનું બીજ વાવ્યું અને રોજ તેને પાણી પાવા લાગ્યો. જ્યારે બીજમાંથી લીમડાનો ફણગો ફૂટીને જમીનમાંથી બહાર આવ્યો ત્યારે તે ખેડૂત ગામની મસ્જિદે જઈ પહોંચ્યો અને હાથ ઊંચા કરીને મોટા અવાજે ખુદા તઆલાથી દુઆ માગવા લાગ્યો, "યા પરવરદિગાર ! મારા લીમડાની ડાળીઓ પર તું મીઠી મીઠી કેરીઓ લટકાવજે." નમાઝીઓ ખેડૂતની આવી દુઆ સાંભળીને હસી પડ્યા અને કહ્યું, "અરે ભાઈ ! તેં બીજ તો લીમડાનું વાવ્યું છે અને દુઆ મીઠી કેરીઓની માગી રહ્યો છે ? તારું ખસી તો ગયું નથી ને ?" આ સાંભળી ઘરડો ખેડૂત પોતાની સફેદ દાઢી પર હાથ ફેરવતો બોલ્યો, "ભાઈઓ ! લોકો તો અનીતિનાં બીજ વાવીને નીતિનાં ફળ મેળવવાની દુઆ માગે છે જ્યારે મેં તો લીમડાનું બીજ વાવીને કેરીઓની દુઆ માગી છે, એમાં નવાઈ શું છે ?"

બિરાદરાને ઈમાની ! આપણે વિચાર કરવો જોઈએ કે આપણે તો આવું કાર્ય કરતા નથી ને ? અને જો આપણે પણ અનીતિનાં બીજ વાવીને નીતિનાં ફળ લેવાની આશા રાખવી જોઈએ નહીં, માટે ગીબત કરો તો પોતાની કરજો. ધોબી પણ પૈસા લઈને જ કપડાં ધુએ છે. અને આપણે તો આપણી જીભથી મનુષ્યના

મેલને મફત ધોઈએ છીએ. નવરાશના સમયે એકબીજાની નિંદા કરીને પોતાના હાથે જ દોઝખના દરવાજા ખોલી રહ્યા છીએ.

જેવી રીતે ગીબત કરવી હરામ છે તેવી જ રીતે ગીબત સાંભળવી પણ શરીઅતમાં સંપૂર્ણ રીતે હરામ છે. રસૂલે ખુદા (સ.) ફરમાવે છે કે, "ગીબત સાંભળનારો પણ ગીબત કરનારની કક્ષામાં આવી જાય છે." અને ફરમાવ્યું, "કાન દઈને ગીબત સાંભળનારો ગીબત કરનારાઓમાંથી છે."

ગીબત, વિષે જનાબે ફાતેમા ઝહરા (અ.)નો એક પ્રસંગ જોઈએ : જ્યારે જનાબે ફાતેમા ઝહરા (અ.)ની ઉંમર ચાર વર્ષની હતી ત્યારે એક દિવસ જનાબે ખદીજા (અ.)ને ઘેર કેટલીક અરબ સ્ત્રીઓ તેમને મળવા માટે આવી. તે સ્ત્રીઓ આપસમાં લોકોની નિંદા અને ગીબત કરવા લાગી ત્યારે જનાબે ફાતેમા ઝહરા (સ.) સ્ત્રીઓ પાસેથી ઊભાં થઈ ગયાં અને અલગ જઈ આમતેમ ફરવા લાગ્યાં. આ દ્રશ્ય જોઈને અરબની સ્ત્રીઓ જનાબે ખદીજાને કહ્યું કે, "તમારી બેટી પરેશાન કેમ લાગે છે ?" ત્યારે જનાબે ખદીજા (અ.)એ લાડકવાયી દીકરીને નજીક બોલાવીને તેમની બેચેનીનું કારણ પૂછ્યું. તો જનાબે સૈયદાએ જવાબ આપ્યો, "અમ્મા ! બુઝુર્ગોની સોહબતમાં બેસવું સારું છે અને ઊઠી જવું બદ્અખ્લાકી છે, પરંતુ શું કરું ? બાબાએ મને પોતાની છાતી પર સૂવાડીને મારા કાનમાં મને નસીહત કરેલી કે ગીબત કરવી હરામ છે અને આ સ્ત્રીઓ બીજાની ગીબત કરવામાં મશગૂલ હતી, જેથી હું બેચેની અનુભવીને આમતેમ ફરી રહી છું."

રસૂલે ખુદા (સ.) ફરમાવે છે, અલ્લાહે મૂસા (અ.)ને ફરમાવ્યું કે, "અય મૂસા ! હું લોકોને જે નેઅમતો આપું છું તેના પર કોઈ દિવસ ઈર્ષા ન કરતા, પોતાની આંખ પણ એ તરફ ન ફેરવતા અને તમારા નફસને તેની પાછળ ન લગાડતા કારણ કે ઈર્ષા કરવાવાળો જ્યારે ઈર્ષા કરે છે તો જાણે તેણે મારા પર ગુસ્સો કર્યો કહેવાશે."

તો મોમિનીન અને મોમિનાત ! આપે સાંભળ્યું કે નિંદાનું પરિણામ કેટલું બધું ખરાબ આવે છે. નિંદા કરનારો કબીરા ગુનામાં સપડાય છે. વળી જેની ગીબત કરી હોય તે માફ ન કરે ત્યાં સુધી અલ્લાહ પણ તે ગુનો માફ કરતો નથી. માટે જેમ બને તેમ આપણે ગીબતથી બચીએ અને ખુદાનો ખોફ રાખીને નેકી પર ચાલીએ કે જેથી અલ્લાહ આપણાથી ખુશ થાય.

જો ગીબત કરી લીધી હોય તો પછી શું કરવું ? તો તેનો ઉપાય છે જેમકે રસૂલલ્લાહ (સ.) ફરમાવે છે, "ગીબતનો કફ્ફારો એ છે કે જેની ગીબત કરી હતી તેના માટે અલ્લાહ આગળ મગ્ફેરતની દુઆ માગે."

(ઈર્શાદાતે રસૂલ, પાના-૨૫૦)

અંતમાં દુઆ માગીએ :

- અય અલ્લાહ ! અમને નિંદા કરવાથી બચાવતો રહેજે,
- એકબીજા સાથે પ્રેમ અને મોહબ્બતથી જીવવાની નેક તોફીક આપજે,
- અને અમારા સગીરા કબીરા ગુના માફ કરજે,
- અય મા'બૂદ ! અમારા દિલોમાં મોહંમદ વ આલે મોહંમદની મોહબ્બત કાયમ રાખજે.

Ref : Wayfaring (My search for Truth)

લેખન : હાજર પીર સૈયદ મોહંમદ મુજાહિદહુસૈન બાવા સાહેબ (મદ્દે.)

- **Art** (કલા)

